આંક :
રજૂ તારીખ : ૧૪–૦૮–૨૦૧૫
દાખલ તારીખ : ૧૪–૦૮–૨૦૧૫
નિકાલ તારીખ : ૧૬–૦૫–૨૦૧૮
સ મ ય : ૦૨ – ૦૯ –૦૨
વર્ષ માસ દિવસ

**મહુવાના મહે.૩'જા અધિક સેશન્સ જજ (શ્રી એસ.એચ.પટેલ સાહેબ), ભાવનગર, મુકામ મહુવાની કોર્ટમાં.**

**સેશન્સ કેસ નં.૨૯૫/૨૦૧૫**

શ્રી સ ર કા ર ... ... .....:: **ફરિયાદી**

**વિ રૂ દધ**

(૧) અરવિંદ ઉર્ફે ટાઈગર ઉગાભાઈ બારૈયા,
ઉ.વ.૨૩, રહે.: કુંઢડા ગામ નિશાળની બાજુમાં તા.તળાજા
(૨) કિશોરભાઈ મકાભાઈ જાંબુચા, ઉ.વ.૨૯,
રહે: મુળ પાણીયાળી તા.તળાજા,
હાલ રહે. તળાજા ગોપનાથ રોડ ફોરેસ્ટ
કોલોની. ... ... ....:: **આરોપીઓ.**

**ગુન્હા :– ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૩૬, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ ૧૯૮૪ ની કલમ – ૩, ૪ મુજબ...**

.............................................

**સમક્ષ:– શ્રી એસ.એચ.પટેલ, ૩'જા એડિ.સેશન્સ જજ,મહુવા.**

**ફરિયાદ પક્ષ તરફે: વિ.એ.પી.પી. શ્રી વી.જી.માંડલીયા.**
**આરોપી પક્ષ તરફે: વિ. ધારાશાસ્ત્રી શ્રી કે.ડી.પાઠક.**

## :: જ જ મે ન્ટ ::

પ્રોસીકયુશન પક્ષના કેસની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે ::

૧. આ કામના આરોપીઓ સામે ફરિયાદી પી. બી. દવેનાઓએ તળાજા પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં.૪૧/૨૦૧૫ થી તા.૧૧–૦૫–૨૦૧૫ ના રોજ આપેલ ફરિયાદ સંદર્ભે ત. ક. અમલદારે તપાસના અંતે હાલના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૩૬, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ ૧૯૮૪ની કલમ ૩ તથા ૪ ની જોગવાઈ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સબબનું હાલનું ચાર્જશીટ રજૂ કરેલ અને તે આધારે આરોપીઓ સામે કેસ રજીસ્ટર્ડ થયેલ છે તથા વિ. મેજી. દવારા આરોપીઓનો કેસ કમીટ કરવા સંદર્ભેના કાયદા મુજબના તમામ પ્રોસીડીંગ કરી હાલનું કામ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ તથા તેને સેશન્સ કેસ નં.–૨૯૫/૧૫ થી નોંધવામાં આવેલ.

૨. વધુમાં આરોપીઓ હાજર થતા તેઓને નકલ પુરી પાડી તેઓ સામે હાલના કામે આંક–૧૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૩૬, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ ૧૯૮૪ની કલમ ૩ તથા ૪ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૩. **તહોમતનામાની ટૂંકમાં વિગતો ::**

હાલના કેસ સંદર્ભે આરોપીઓ સામે આંક–૧૦ થી જે તહોમતનામુ ઘડવામાં આવેલ તેની ટૂંકમાં વિગતો તથા હાર્દ જોતાં હાલના આરોપી સામે મુખ્યત્વે–

આરોપી નં.૨ સરકારી નોકરીયાત હોય અને પોતે ફોરેસ્ટ ખાતામાં બીટ ગાર્ડ તરીકે નોકરી કરતા હોય અને એક કર્મચારી હોવા

છતાં નોકરીની અંદરો–અંદરની ઈર્ષા અને હરીફાઈના કારણે તળાજા સરકારી અછત વિતરણ અંગેના ઘાંસના ગોડાઉનમાં રાખેલ ઘાસનો જથ્થો રૂા.૧,૦૩,૮૬૫/– નો આરોપીનં.ર ના કહેવાથી આરોપીનં.૧ નાએ ગોડાઉનમાં રહેલ ઘાંસના જથ્થાને આગ લગાડી બાળી દઈ, પબ્લીક પ્રોપર્ટીને નુકશાન કરી, એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૪૩૬, ૧૧૪ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ,૧૯૮૪ ની કલમ–૩ તથા ૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોય તેવા આરોપોનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૪. આરોપીને ઉપરોકત વિગતેનું તહોમતનામુ વાંચી–સંભળાવી ગુન્હા કબૂલાત અંગે પૂછતા આરોપીએ પોતાને ગુન્હો કબૂલ ન હોવાનું જણાવતાં આંક–૧૧ અને આંક–૧ર થી તેઓનું નિવેદન રેકર્ડ કરી, હાલનું કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુલત્વી રાખેલ.

૫. **:: પ્રોસીક્યુશન પક્ષનો પુરાવો ::**

પ્રોસીકયુશન તરફે પુરાવાના તબકકે નીચે મુજબનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે ::

**મૌખિક પુરાવા**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ઈકબાલભાઈ નાનુભાઈ કુરેશી | ૧૩ |
| ર | પંચ સાહેદ અરવિંદભાઈ ગોદડભાઈ માયડા | ૧૫ |
| ૩ | પંચ સાહેદ પ્રકાશભાઈ જીકાભાઈ ડાંગર | ૧૬ |
| ૪ | પંચ સાહેદ વેલજીભાઈ કમાભાઈ હાટગરડા | ૧૮ |

| | | |
|---|---|---|
| ૫ | પંચ સાહેદ મહાવિરસિંહ જટુભા વાળા | ૧૯ |
| ૬ | પંચ સાહેદ નિલેશકુમાર દેસાભાઈ સોસા | ૨૧ |
| ૭ | ફરીયાદી પ્રજ્ઞેશભાઈ ભગવતપ્રસાદ દવે | ૨૨ |
| ૮ | સાહેદ ભરતભાઈ ગોદડભાઈ માયડા | ૨૪ |
| ૯ | સાહેદ હર્ષદભાઈ બાબુભાઈ ડોડીયા | ૨૫ |
| ૧૦ | સાહેદ હરેશભાઈ જેતાભાઈ વાંદા | ૨૭ |
| ૧૧ | સાહેદ કરશનભાઈ રુખડભાઈ ગોહીલ | ૨૮ |
| ૧૨ | પીએસઓ હઠીસિંહ અમરસિંહ સોલંકી | ૩૦ |
| ૧૩ | ત.ક.અ. અનોપસિંહ દિલીપસિંહ ગોહીલ | ૩૩ |
| ૧૪ | ત.ક.અ. સંદિપ ગોવિંદભાઈ ખાંભલા | ૪૦ |
| ૧૫ | સાહેદ કાંતીલાલ મંગળદાસ વાઘેલા | ૪૩ |
| ૧૬ | સાહેદ નરશીભાઈ મકનભાઈ રામાણી | ૪૪ |
| ૧૭ | સાહેદ આરતીબેન પ્રવિણભાઈ ડાભી | ૪૫ |
| ૧૮ | સાહેદ રમેશભાઈ કાનજીભાઈ ભાલીયા | ૪૬ |

## <u>દસ્તાવેજી પુરાવા</u>

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ રોજકામ | ૧૪ |
| ૨ | આરોપીનું અટક પંચનામુ | ૧૭ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૦ |
| ૪ | ફરીયાદ | ૨૩ |
| ૫ | પ્રાથમીક અહેવાલ | ૨૯ |
| ૬ | તપાસ સોપ્યા અંગેની યાદી | ૩૧ |
| ૭ | ફેકસ મેસેજ | ૩૨ |
| ૮ | એફએસએલ જુનાગઢને મોકલેલ મુદ્દામાલ રવાનગી | ૩૪ |

| | | |
|---|---|---|
| ૯ | એફએસએલ જુનાગઢને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૩૫ |
| ૧૦ | તપાસ સોપ્યાની યાદી | ૩૬ |
| ૧૧ | આરોપીનું સ્કુલ લીવીંગ સર્ટી. મેળવવા કરેલ યાદી | ૩૭ |
| ૧૨ | સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ | ૩૮ |
| ૧૩ | આર.એફ.ઓ. સાહેબને કરેલ યાદી | ૩૯ |
| ૧૪ | મોબાઈલ નંબરની માહીતી અંગેની યાદી | ૪૧ |
| ૧૫ | કોલ ડીટેઈલ | ૪૨ |
| ૧૬ | ફોર્વડીંગ લેટર | ૪૮ |
| ૧૭ | પૃથ્થકરણ અહેવાલ | ૪૯ |

૬. **:: આરોપીઓનું વધારાનું નિવેદન ::**

પ્રોસીકયુશન પક્ષના તમામ પુરાવા બાદ સદર પુરાવાના સંદર્ભે સી.આર.પી.સી. કલમ : ૩૧૩ ની જોગવાઈ અનુસાર આરોપીઓનું વધારાનું નિવેદન રેકર્ડ કરતાં આરોપીઓએ પોતાના વધારાના નિવેદનથી ફરિયાદ પક્ષના મોટા ભાગના તમામ પુરાવાની સત્યતાનો ઈન્કાર કરી વધુમાં તેઓ નિર્દોષ હોવાનું તથા તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી તેમજ તેઓની ઉપર ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને તેઓ પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા ન હોવાનું અને બચાવના સાહેદ પણ તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. હાલના કામે બન્ને તરફે દલીલ સાંભળી હાલનું કામ ચૂકાદા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૭. આરોપી સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈને ધ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષ પરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**:: મુદ્દા ::**

૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.ર સરકારી નોકરીયાત હોય અને પોતે ફોરેસ્ટ ખાતામાં બીટ ગાર્ડ તરીકે નોકરી કરતા હોય અને એક કર્મચારી હોવા છતાં નોકરીની અંદરો–અંદરની ઈર્ષા અને હરીફાઈના કારણે તળાજા સરકારી અછત વિતરણ અંગેના ઘાંસના ગોડાઉનમાં રાખેલ ઘાસનો જથ્થો રૂા. ૧,૦૩,૮૬૫/– નો આરોપીનં.રના કહેવાથી આરોપીનં.૧ નાએ ગોડાઉનમાં રહેલ ઘાંસના જથ્થાને આગ લગાડી બાળી દઈ, પબ્લીક પ્રોપર્ટીને નુકશાન કરી, એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૪૩૬, ૧૧૪ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ,૧૯૮૪ ની કલમ–૩ તથા ૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ છે ?

૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે ::

:૧: નકારમાં.
:ર: આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

૯. **મુદ્દા નં.૧ ના નિર્ણય માટેના કારણો ::**

૯.૧) **પુરાવાનો બોજો ::**

મુદ્દા નં.૧ ના સ્વરૂપને જોવામાં આવે તો આ મુદ્દાની વિગત મુજબ આરોપી નં.ર સરકારી નોકરીયાત હોય અને પોતે ફોરેસ્ટ ખાતામાં બીટ ગાર્ડ તરીકે નોકરી કરતા હોય અને એક કર્મચારી હોવા છતાં નોકરીની અંદરો–અંદરની ઈર્ષા અને હરીફાઈના કારણે તળાજા સરકારી અછત વિતરણ અંગેના ઘાંસના ગોડાઉનમાં રાખેલ ઘાસનો જથ્થો રૂા.૧,૦૩,૮૬૫/– નો આરોપીનં.ર ના કહેવાથી આરોપીનં.૧ નાએ ગોડાઉનમાં રહેલ ઘાંસના જથ્થાને આગ લગાડી બાળી દઈ, પબ્લીક પ્રોપર્ટીને નુકશાન કરી, એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૪૩૬, ૧૧૪ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ,૧૯૮૪ ની કલમ–૩ તથા ૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોય તેવી બાબત પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષના શીરે રહેલ છે.

૯.ર) **<u>દલીલોનો ટૂંકસાર ::</u>**

**(એ)<u>દલીલના તબકકે વિ.એ.પી.પી.શ્રીની દલીલ સાંભળતા તેઓએ પોતાની દલીલમાં મહદઅંશે –</u>**

- આરોપીઓ સામે ઘડવામાં આવેલ તહોમતનામાની તથા ફરિયાદીની ફરિયાદની વિગતો સૌ પ્રથમ રીફર કરી ત્યારબાદ,
- ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો, તપાસ કરનાર અધિકારી સહિતના તમામ મૌખિક પુરાવાને રીફર કરી ત્યારબાદ,

ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ ફરિયાદ, પંચનામા વિગેરે દસ્તાવેજી પુરાવા પણ રીફર કરી, આ તમામ મૌખિક તથા

દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી, આ તમામ સાહેદોનો તથા દસ્તાવેજી પુરાવો આરોપીઓએ તેમની સામેના આક્ષેપ મુજબ આરોપી નં.–૧નાએ આરોપી નં.–ર ના કહેવાથી તળાજા સરકારી અછત વિતરણ અંગેના ઘાસના ગોડાઉનમાં રાખેલ ઘાસનો જથ્થાને આગ લગાડી બાળી દઈ, પલીક પ્રોપર્ટીને નુકશાન કરી ગુન્હા કરેલ હોવાની બાબત પુરવાર કરવા માટે પુરતાં હોવાનું જણાવી એફ.એસ.એલ.અધિકારીએ પણ કોઈ પેટ્રોલીયમ પદાર્થ દવારા આ આગ લગાડવામાં આવેલ હોય તેવી બાબતનો જે પુરાવો આપેલ છે તે જોતા પણ આ આગ આકસ્મીક લાગેલ ન હોય અને ઈરાદાપુર્વક લગાડવામાં આવી હોય તેવી બાબતે પુરવાર થતી હોવાનું તથા પુરાવા પરથી અન્ય આરોપીની સંડોવણી પણ પુરવાર થતી હોવાનું જણાવી પ્રોસી.પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોવાનું જણાવી આરોપીઓએ યોગ્ય સજા કરવા વિનંતી કરેલ છે.

વિ.એ.પી.પી.શ્રીની સમગ્ર દલીલને ઘ્યાને લેવામાં આવે તો તેઓએ મહદઅંશે હાલના કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલ છે જે તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે અને ઘ્યાને લીધેલ છે.

## (બી)<u>આરોપીઓ તરફેની દલીલોનો ટૂંકસાર ::</u>

દલીલના તબકકે આરોપી તરફેના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં આરોપી સામેના આક્ષેપો તરફ કોર્ટનું ઘ્યાન દોરી, આ તમામ આક્ષેપો નિ:શંક અને પૂરતા પુરાવાથી પૂરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષના શીરે હોવાનું જણાવી હાલના કામે પ્રોસી.પક્ષ તરફે રજૂ કરવામાં

આવેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા તથા સાહેદોની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ બાબતો પણ પોતાની દલીલ દરમ્યાન વિગતવાર રીફર કરી પોતાની દલીલમાં મુખ્યત્વે,

- પ્રોસી.પક્ષ તરફે જે કાઈ પણ પુરવાઓ રજુ થયેલ છે તે પુરાવો સદરહું ગોડાઉનમાં લાગેલ આગના બનાવ સાથે આરોપીઓને સાકળવા માટે પુરતો ન હોવાનું જણાવી વધુમાં
- કોઈપણ સાહેદ આરોપીઓને આ ગુન્હા સાથે સાકળી શકાય તેવો કોઈ પુરાવો આપતા ન હોવાનું જણાવી વધુમાં
- ઉલટતપાસ ઉપરથી ગોડાઉનની બાજુમાં ગેસ વેલ્ડીંગનું કામ થતુ હોય તેના કારણે પણ આગ લાગેલ હોય તેની શકયતાની બાબત પણ રેકર્ડ ઉપર આવેલ હોય તથા ગોડાઉનની બાજુના રોડ ઉપરથી નિયમીત સમયાંતરે લગ્નના વરઘોડા, સરઘસ વિગેરે નિકળતા હોય અને ફટાકડા ફોડવામાં આવતા હોય અને તેને કારણે પણ આગ લાગવાની શકયતા નકારી શકાય નહી તેમ જણાવી જે તે ઈન્ચાર્જ અધિકારીને અગાઉ પણ આકશ્મીક આગ લાગવાના કારણે ઈન્કવાયરીનો સામનો કરવો પડે તેમ હોય તે કારણસર ફરીથી આવો આકશ્મીક બનાવ બનતા પોતાની સામે કોઈ ઈન્કવાયરી ન થાય અને પોતાની જવાબદારી ન થાય તે હેતુથી હાલના આરોપી સામે ખોટો આરોપ કરેલ હોય તેવી મુખ્ય તકરારો લઈ વધુમાં
- સાહેદોની ઉલટતપાસ ઉપરથી રેકર્ડ ઉપર આવેલ બાબતોને પણ જોતા પ્રોસી.પક્ષ આરોપીઓ સામેના આરોપો શંકારહીત પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેવુ મુખ્યત્વે જણાવી

આરોપી સામેનો કેસ પુરવાર થયેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

હાલના કામે બંને તરફેની દલીલના હાર્દને જોતાં બંને તરફે મહદઅંશે રેકર્ડ ઉપર પડેલ પુરાવા ઉપર આધાર રાખેલ હોય હાલના મુદ્દાનો તથા હાલના સમગ્ર કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા આ તમામ પુરાવો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

૧૦.૧). **<u>પુરાવાનું મૂલ્યાંકન ::</u>**

હાલના કામે ખરેખર પ્રોસી.પક્ષ તરફે પડેલ પુરાવો આરોપી નં.૧ નાએ તળાજા સરકારી અછત વિતરણ અંગેના ઘાંસના ગોડાઉનમાં રાખેલ ઘાસનો જથ્થો રૂા.૧,૦૩,૮૬૫/– નો આરોપીનં.ર ના કહેવાથી ગોડાઉનમાં રહેલ ઘાંસના જથ્થાને આગ લગાડી બાળી દઈ, પબ્લીક પ્રોપર્ટીને નુકશાન કરી, એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૪૩૬, ૧૧૪ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ,૧૯૮૪ ની કલમ–૩ તથા ૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોય તેવી બાબત નિ:શંકપણે અને શંકારહિત રીતે પુરવાર કરવા માટે પુરતાં છે કે કેમ ? તે બાબતનો નિર્ણય કરવો જરૂરી હોઈ, આ તમામ પુરાવાને રેકર્ડના સંજોગો તથા કાયદાની જોગવાઈઓના હાર્દ સાથે જોતાં નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

૧૦.ર) પ્રોસી.પક્ષ તરફે સૌ પ્રથમ સાહેદનં.૧, ર, ૩, ૪, ૫ તથા ૬ તરીકે વિવિધ પંચનામાઓના પંચોને નીચેની વિગતે તપાસેલ છે.

સાહેદનં.૧ આંક–૧૩ ઈકબાલભાઈ નાનુભાઈ કુરેશી

| | | |
|---|---|---|
| | | (આંક–૧૪ના સ્થળ સ્થિતીનું પંચનામુ) |
| સાહેદનં.૨ | આંક–૧૫ | અરવિંદભાઈ ગોદડભાઈ માયડા (આંક–૧૪ ના સ્થળ સ્થિતીનું પંચનામુ) |
| સાહેદનં.૩ | આંક–૧૬ | પ્રકાશભાઈ જીકાભાઈ ડાંગર (આંક–૧૭ અટક કર્યાનું પંચનામુ) |
| સાહેદનં.૪ | આંક–૧૮ | વેલજીભાઈ કમાભાઈ હાટગરડા (આંક–૧૭ અટક કર્યાનું પંચનામુ) |
| સાહેદનં.૫ | આંક–૧૯ | મહાવિરસિંહ જટુભા વાળા (આંક–૨૦ મુદ્દામાલ જપ્ત કર્યાનું પંચનામુ) |
| સાહેદનં.૬ | આંક–૨૧ | નિલેશકુમાર દેસાભાઈ સોસા (આંક–૨૦ મુદ્દામાલ જપ્ત કર્યાનું પંચનામુ) |

ઉપરોકત તમામ પંચોના પુરાવાને જોતાં આ તમામ પંચોએ મહદઅંશે પોલીસે જાણે કે તેમની જે તે તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ હોય તથા તેઓ તેવા પંચનામાની વિગતોથી માહિતગાર ન હોય તથા આવા પંચનામા તેઓએ લખાવેલ ન હોય તેવા મતલબની જુબાની આપતાં તથા પંચનામાની વિગતોને કોઈ સમર્થન ન આપતા પ્ર ોસી.તરફે તેમને હોસ્ટાઈલ જાહેર કરાવી તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ ઉલટતપાસને પણ જોતાં આ ઉલટતપાસમાં પણ આ પંચોએ જે તે ગુન્હાવાળી જગ્યા તથા અટક પંચનામા વિગેરે પંચનામાની વિગતોને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ જ બાબત રેકર્ડ ઉપર આવેલ ન હોઈ આ કામેનાં આ તમામ પંચનામાની વિગતો

પણ આ સાહેદોના મૌખિક પુરવાથી પુરવાર થતી નથી તથા આ સાહેદોનો મૌખિક પુરાવો તથા રજૂ થયેલ આ તમામ આંક–૧૪, ૧૭ અને ૨૦ વાળા પંચનામા આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતાં અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

૧૦.૩) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૭ તરીકે ફરીયાદી પ્રજ્ઞેશભાઈ ભગવતપ્રસાદ દવે ને આંક–૨૨ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

બનાવ સમયે તેઓ ફોરેસ્ટ કવાર્ટર, તળાજા રોડ, પાલીતાણા, જી. ભાવનગર મુકામે રેન્જ ફોરેસ્ટ ઓફીસર, પાલીતાણા તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે તેઓ મદદનીષ વન સંરક્ષક ભાવનગરનો વધારાનો હોદ્દો પણ સંભાળતા હતા તથા બનાવ તા. ૯/૫/૨૦૧૫ ના રોજ તળાજા ઘાસ ગોડાઉનમા બનેલ હોય તથા બનાવમા આગ લાગેલ હોય તથા નાયબ વન સંરક્ષકશ્રીની સુચના મુજબ તેમની ઓફીસના સ્ટાફ સાથે તળાજા ઘાના ગોડાઉનમા આગ ઓલવવા ગયેલ હોય તથા ત્યાર બાદ નાયબ વનસંરક્ષકશ્રીએ તેમને બનાવની પ્રાથમીક તપાસ સુપ્રત કરેલ હોય તથા આગ ઓલવ્યા બાદ તળાજા ગોડાઉન કોલોનીમા રહેતા કર્મચારી અને મજુરોના નિવેદનો લીધેલ હોય તથા આ નિવેદનમા અરવિંદ નામના ઈસમે આગ લગાડ હોય અને આગ લગાડીને જતો રહેલ હોય અને આ હકીકત બે બહેનો જે લેબરવર્ક કરતી હતી તેના જવાબમા ખુલેલી હોય તથા ત્યાર પછી પોલીસને જાણ કરેલ હોય અને બનાવની ફરીયાદ તેઓએ તળાજા પોલીસ સ્ટેશનમા આપેલ હોય તથા ત્યાર પછી અરવિંદે એવુ કબુલ કરેલ હોય કે તેણે આ આગ

કીશોરભાઈ જાંબુચાના કહેવાથી આગ લગાડેલ છે. તેવી વિગત તપાસમાં ખુલેલ હોય તેવુ જણાવી તેઓએ ફરીયાદમા કેટલા ઘાસનો જથ્થો બળી ગયેલો તેની વિગત મે મેળવીને લખાવેલ હોય આશરે એક લાખ કીલો ઉપરનો જથ્થો હતો તેવુ જણાવી વધુમાં આંક–૨૩ વાળી ફરીયાદમાં તેમની સહી હોવાનું સ્વીકારેલ છે તથા આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીતર્ફેની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસમાં તેઓએ નીચેની કેટલીક બાબતે સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

''એ વાત ખરી છે કે, બનાવ સમયે મારી નોકરી પાલીતાણા હતી. મને બનાવની જાણ થતા આગ ચાલુ હતી તે સમયે જ હુ બનાવસ્થળે પહોંચેલો. મે બનાવની ફરીયાદ તા. ૧૧/૫/૧૫ ના રોજ આપેલી.''

''એ વાત ખરી છે કે બનાવની ફરીયાદ બને એટલી વહેલી આપવી જોઈએ તેની મને જાણ છે.''

''એ વાત ખરી છે કે આ ફરીયાદ કરવા હુ પોલીસચોકીએ ગયેલો. તે સમયે મારી સાથે બીજા ફોરેસ્ટ અધીકારી એચ.જે.વાંદા પણ હતા.''

''એ વાત ખરી છે કે તળાજા ફોરેસ્ટ ગોડાઉનની જવાબદારી એચ.જે.વાંદા સાહેબની હતી.''

''એ વાત ખરી છે કે આ ગોડાઉનનો પશ્ચિમ બાજુનો દરવાજો હુ આગ ઓલવવા ગયો ત્યારે તુટેલો હતો. અને કોઈ પણ માણસ સહેલાઈથી અવરજવર કરી શકે તેવો હતો.''

''એ વાત ખરી છે કે જે દરવાજો તુટેલો હતો ત્યા બાજુમા વેલ્ડીંગની દુકાન હતી.''

''એ વાત ખરી છે કે ગોડાઉનમા ઘાસ અલગ અલગ ગાંસડીમા ભરવામા આવે છે અને તે ગાંસડી ગોડાઉનમા મુકવામા આવે છે. એક ગાંસડીમા ૬૦ કીલોથી ૧૦૫ કીલો સુધીનુ ઘાસ ભરવામા આવે. એ વાત ખરી છે કે ઘાસ ગોડાઉનમા લાંબો સમય પડી રહેવાથી વઝનમા ઘટ આવી શકે.

''એ વાત ખરી છે કે મે જે ફરીયાદ આપેલી તેમા ''બે બહેનો જે કોલોનીમા રહેતી હતી તેના નિવેદનમા આરોપી અરવિંદે ગોડાઉનને આગ લગાડી તેવી હકીકત ખુલવા પામેલી'' તેવુ લખાવેલ નથી.''

આ સાહેદની ઉપરોકત સમગ્ર જુબાનીને રેકર્ડના સંજોગો સાથે તથા દાખલ કરવામાં આવેલી ફરીયાદની વિગતો સાથે જોવામાં આવે તો આ સાહેદ જે કાઈ પણ જુબાની આપી રહેલ છે તે જુબાની ઉપરથી એ બાબતે સ્પષ્ટ બને છે કે, બનાવ સંદર્ભે આ સાહેદને વ્યકિતગત અને અંગત કોઈજ જાત માહીતી નથી તથા જાણે કે આ સાહેદે તેમને તપાસ સોંપવામાં આવી હોય અને તપાસ ઉપરથી આરોપીઓની સંડોવણી ખુલેલ હોય તેવી મુખ્ય બાબત આ સાહેદ જુબાનીમાં તથા ફરીયાદમાં જણાવે છે.

વધુમાં જયા સુધી આ સાહેદે કરેલ તપાસ તથા લીધેલ સાહેદોના નિવેદનોનો પ્રશ્ન છે ત્યાસુધી તેવી તપાસના તથા નિવેદન સંદર્ભેના કોઈ પુરાવા આ સાહેદની જુબાનીના સમર્થનમાં રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં આ સાહેદ પોતાની સરતપાસમાં જાણે કે લેબર વર્ક કરતી બે બહેનોની નિવેદન ઉપરથી અરવિંદ નામના ઈસમે આગ લગાડેલ હોય તેવી બાબતે ખુલવા પામેલ હોય તેવુ જુબાનીની સરતપાસમા જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં આવી મહત્વની બાબત સંદર્ભે આવી વિગતો તેની ફરીયાદમાં જે તે સમયે તેઓએ જણાવેલ ન હોય તેવી બાબત સ્પષ્ટપણે સ્વીકારેલ છે. તે જોતા આ મહત્વની બાબત સંદર્ભે આ સાહેદનો આ મૌખિક પુરાવો ફરીયાદની વિગતથી કેટલેક અંશે વિરોધાભાષી હોય તેવી બાબત સ્પષ્ટ બને છે.

વધુમાં જયા સુધી આ સાહેદ જે સાહેદોના નિવેદનો અંગે કે તપાસના જવાબો અંગે જણાવે છે તે પૈકીના સાહેદોના આ કામે લેવામાં આવેલ જુબાનીઓ મૌખિક પુરાવા કે જેના સંદર્ભે હવે પછી જે તે સમયે પુરાવાના મુલ્યાંકન સંદર્ભે જે ચર્ચા કરવામાં આવેલ છે તેને જોતા પણ તેવા કોઈ સાહેદોના પુરાવાનું આ ફરીયાદીની ફરીયાદ કે સોગંદ ઉપરની મૌખિક જુબાનીની વિગતને કોઈ સ્પષ્ટ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય આ સાહેદની ફરીયાદ અને સોગંદઉપરની જુબાનીને અન્ય પુરાવાના સ્પષ્ટ અને નિ:શંક સમર્થનના અભાવના સંજોગોને જોતા તથા આ સાહેદને બનાવ સંદર્ભે કોઈ વ્યકિતગત જાત માહીતી તથા

જ્ઞાન ન હોય માત્રને માત્ર આ સાહેદની ફરીયાદ તથા મૌખિક જુબાનીનો પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

૧૦.૪) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.-૮ તરીકે સાહેદ ભરતભાઈ ગોદડભાઈ માયડા ને આંક-૨૪ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

તેઓ ફોરેસ્ટ કોલોની ગોપનાથ તા.તળાજા મુકામે રહેતા હોય તથા બનાવ સમયે રહેતા હોય તથા હાલ જેસર રાણપરા રોડ પર રહેતા હોય તેવુ જણાવી વધુમાં આ બનાવ ને દોઢેક વર્ષ જેવુ બનેલ હોવાનું અને ત્યારે બનાવ સમયે સરતાનપર બીટમા ફરજ બજાવતા હોવાનું તથા ગોપનાથ રોડ તળાજા મુકામે રહેતા હોવાનું તથા બનાવ વખતે તેઓ તેમની રાઉન્ડ ઓફીસમા સહી અને ઓફીસ કામ કરતા હોવાનું તથા તેઓ ઓફીસ મા હતા ત્યારે દોડીને રાઉન્ડ ફોરેસ્ટર બી.જી ગલાણી આવેલા અને જણાવેલ કે ગોડાઉન માથી ધુવાડા નીકળેછે તેવુ કહેતા તેઓ દોડીને ગયેલ અને તેઓએ ત્યા જતા દરવાજો બંધ હોય દરવાજો ખોલેલ હોય અને ત્યા ઘાસ સળગતુ હોય તથા તેના આગ અને ધુંમાડા નીકળતા હોય અને તેઓએ ઓલવવાની કામગીરી શરુ કરેલી અને બુમો પાડતા આજુબાજુ મા રહેતા લોકો આવી ગયેલ હોય તેવુ જણાવી વધુમાં તેઓએ એસ.જે વાંદા સાહેબ ફોરેસ્ટર અધીકારી ને જાણ કરેલ હોય અને તેણે એમ કીધેલુ કે ઓલવવાની કામગીરી કરો અને એક આર.એફ.ઓ સાહેબની સુચના મુજબ એક ફરીયાદ આપી દેજો અને ત્યાર પછી આર.એફ.ઓ સાહેબ નો ફોન આવેલ હોય અને બનાવ

ની હકીકત પુછેલ હોય તેવુ જણાવી, વધુમાં આ કામે તેઓએ ફાયર બ્રીગેડ ને જાણ કરેલી અને તળાજા પોલીસ સ્ટે. ને ફોન થી જાણ કરેલ હોય અને ત્યાર પછી તેઓએ લેખીત મા  જાણ કરેલ હોય અને આ સ્થળનુ રોજકામ કરેલુ. જે અધીકારીઓએ આવી આ રોજકામ કરેલુ અને તેમા તેમની સહી કરેલ હોય તેવુ જણાવી આંક–૧૪ વાળા પંચ રોજકામમાં તેમની સહી હોવાનું સ્વીકારેલ છે તથા વધુમાં  આ આગ કેવી રીતે લાગેલી તેની જાણ ન હોવાનું પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

આ સાહેદની આરોપીઓ તર્ફે જે ઉલટતપાસ કરવામાં આવેલછે તેને જોવામાં આવે તો આ સાહેદે તેમની જુબાનીમાં નીચેની કેટલીક બાબતે સ્પષ્ટપણે સ્વીકારીને જણાવેલ છે.

''ગોદાઉનના દરવાજાને હુ ગયો ત્યારે તાળુ ન હતુ. ગોદાઉન નો પશ્વીમ બાજુ નો દરવાજો થોડો ત્રાસો ખુલેલો હતો.''

''એ વાત ખરી છેકે ગોદાઉનાન પાછળ ના ભાગે વેલ્ડીંગ ની દુકાન આવેલી છે સાહેદ જણાવે છે કે દુકાન થોડી દુર આવેલી છે.''

''એ વાત ખરી છે કે ૨૦૦૯ મા પણ અકસ્માત થી આ ગોદાઉનમા આગ લાગેલી.''

''એ વાત ખરી છે કે  મે મારા ઉપરી અધીકારીની સુચના મુજબ તા ૯/૫/૧૫ ના રોજ ફરીયાદ લખાવેલી.''

''એ વાત ખરી છેકે મે મારા પોલીસ નીવેદનમા પણ એવી હકીકત લખાવેલ છેકે મે મારા ઉપરી અધીકારી ની સુચના થી ફરીયાદ લખાવેલ.''

''એ વાત ખરી છેકે મારા અધીકારીએ જે નીવેદન લીધેલુ તેમા મે એવુ લખાવેલુ કેતા. ૯/૫/૧૫ ના રોજ હુ મારા ઘરે હતો ત્યારે બારણુ ખખડાવી એક બેન આવેલા અને તેણે મારી પાસે કેરી પકાવવી છે માટે ખડ આપો એ વી માંગણી કરેલી. પરંતુ મે એમ જ ણાવેલ કે આ ખડ અછત મા ઢોરો ને ખવડાવવા માટે છે તેથી હુ આપી શકુ નહી તેથી મે ના પાડેલી. એ વાત ખરી છેકે મે આગ લાગ્યા ની શંકા મે આ દે.પુ બેન ઉપર શંકા દાખવેલી. બીજા કોઈ પર મે બનાવ ની શંકા દર્શાવેલી નહી.''

ઉપરોકત સમગ્ર જુબાનીને ધ્યાને લેવામાં આવે તો એ બાબત બિલકુલ સ્પષ્ટ બને છે કે આ સાહેદની જુબાનીમાં કયાય પણ સરકારી ગોડાઉનમાં લાગેલ આગમાં હાલના આરોપીઓ કોઈપણ રીતે સંડોવાયેલ હોય તેવી કોઈજ બાબત રેકર્ડ ઉપર આવતી ન હોય તેને જોતા આ સાહેદનો સમગ્ર પુરાવો આરોપીઓ સામેના ઘડવામાં આવેલા આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે. તે જોતા આ સાહેદનો પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોય તેવુ સ્પષ્ટ બને છે.

૧૦.૫) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૯ તરીકે સાહેદ હર્ષદભાઈ બાબુભાઈ ડોડીયાને આંક–૨૫ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

તેઓ તળાજા ગોપનાથ રોડ ફોરેસ્ટ ના ગોડાઉનની બાજુ મા તેઓના કુટુબ સાથે રહી લુહારી કામ કરતા હોવાનું તથા બનાવ દોઢ બે વર્ષ જેવુ થયેલ હોવાનું અને ત્યારે તેઓ તેઓની દુકાને કામ કરતા

હતા અને દુકાની બારી માથી જોયુ તો ગોડાઉન માથી ધુમાડા નીકળતા જોયેલા અને તેઓએ ફોરેસ્ટના ઓફીસરો માયડા સાહેબ અને બીજા સાહેબ ને જાણ કરેલ હોવાનું અને ત્યાર પછી તેઓ તેઓની દુકાને જઈ હથીયારો અંદર મુકી આગ ઓલવવામા મદદ કરેલ તથા પોલીસે તેમની પુછપરછ કરેલ હોવાનુ જણાવેલ છે.

આ સાહેદની આરોપીઓ તર્ફે જે ઉલટતપાસ કરવામાં આવેલછે તેને જોવામાં આવે તો આ સાહેદે તેમની જુબાનીમાં નીચેની કેટલીક બાબતે સ્પષ્ટપણે સ્વીકારીને જણાવેલ છે.

''એ વાત ખરી છેકે ગોડાઉનની પાછળ મારે મીસ્ત્રી કામ ની દુકાન છે ત્યા હુ વેલ્ડીંગ તથા માસ્ત્રકામ ત્યા કરોત હોવ છુ. અમો દુકાન ની બહાર વેલ્ડીંગ કામ કરતા હોઈએ તો તળખા બાર ઉડે''

''એ વાત ખરી છેકે અમારી દુકાન પાસે રોડ ઉપર થી કોઈ વરઘોડાો કે સરઘસ ફટાકડા ફોડતુ ઘણી વાર નીકળે.''

''એ વાત ખરી છેકે આગ લાગ્યા અંગેની જાણ અધીકારીઓને કરેલી અને આગ ઓલવવામા મદદ કરેલી તે સીવાય હુ કશુ જાણતો નથી.''

ઉપરોકત સમગ્ર જુબાનીને ધ્યાને લેવામાંા આવે તો એ બાબત બિલકુલ સ્પષ્ટ બને છે કે આ સાહેદની જુબાનીમાં કયાય પણ સરકારી ગોડાઉનમાં લાગેલ આગમાં હાલના આરોપીઓ કોઈપણ રીતે સંડોવાયેલ હોય તેવી કોઈજ બાબત રેકર્ડ ઉપર આવતી ન હોય તેને જોતા આ સાહેદનો સમગ્ર પુરાવો આરોપીઓ સામેના ઘડવામાં આવેલા આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ

બને છે. તે જોતા આ સાહેદનો પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોય તેવુ સ્પષ્ટ બને છે.

૧૦.૬) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૦ તરીકે સાહેદ હરેશભાઈ જેતાભાઈ વાંદાને આંક–૨૭ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

બનાવ સમયે તેઓ મહુવા રેન્જ હેઠળના તળાજા રાઉન્ડમા રાઉન્ડ ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા હોવાનુ તથા તેઓ ત્યા બનાવના છેલ્લા સાત માસથી નોકરી પર હોવાનુ તથા તા. ૮/૫/૧૫ થી ૧ ૦/૫/૧૫ ના સમયમા તેઓ રજા પર હોય તથા તે દરમિયાન તેઓના વતન પોરબંદરથી ધ્વારકા તેઓના પિતાને લઈને દર્શન કરવા માટે જતા હતા તે સમયે તળાજા ઓફીસમા કામ કરતા મહાવિરભાઈ નામના વ્યકિતના મોબાઈલમાથી તા. ૯/૫/૧૫ ના રોજ અંદાજે સવારના ૧ ૦:૦૦ વાગ્યા પછી તેઓના ફોન પર ફોન આવેલ હોય અને તે ફોનમા તેઓના તાબાના બીટગાર્ડ બી.જી.માયડા બોલતા હોય અને તેઓને જણાવેલ કે તળાજા ઘાસ ગોડાઉનમા આગ લાગી છે અને અમો આગ પરપાત(ઓલવવાનુ ) કરવાનુ કામ કરી રહયા છીએ. તેવુ જણાવેલ હોવાનું જણાવી,

વધુમાં તળાજા રાઉન્ડમા તેઓની અન્ડરમા સાત બીટ આવેલ હોવાનુ તથા તે દરેક બીટમા એક બીટ ગાર્ડ ફરજ બજાવતા હોવાનુ તથા તેમા કુંઢડા બીટમા કીશોરભાઈ.એમ.જાંબુચા બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનુ અને ફરજ દરમિયાન અવારનવાર તેઓ વન

વિભાગની વન સંરક્ષણ સર્વધન, વન્યપ્રાણી સંરક્ષણ સંવર્ધન વિગેરે બાબતોની મૌખીક સુચના આપતા હોવાનું જણાવી વધુમાં

તે સુચનામા તેઓએ એક વખત સુચના આપેલ હતી કે વાયરલ ેસ મેસેજ વાયરલેસથી જ પસાર કરવો તેમા પ્રાઈવેટ મોબાઈલનો ઉપયોગ કરવો નહી. તેમ છતા આ વાયરલેસ મેસેજ અવારનવાર મોબાઈલથી પસાર કરતા હોય તેવુ મારા ધ્યાન પર આવેલ જેથી તેઓએ તેને તા. ૨૪/૪/૧૫ ના રોજ લેખીત પત્રથી આ બાબતનો ખુલાસો પુછેલ હોવાનુ અને તેમા વાયરલેસ મેસેજ હંમેશા વાયરલેસથી જ પસાર કરવાનુ જણાવેલ તથા વન્ય પ્રાણીને પિવા માટેની પાણીના પોઈંટ વ્યવસ્થીત અને સમયસર ભરવા માટેની પણ સુચના આપેલ હોવાનુ અને આમ આ કર્મચારીની જેમ અમારા નિયંત્રણ હેઠળના તમામ કર્મચારીઓને પહેલા મૌખીક અને બાદમા લેખીતમા પણ જાણ કરીને કામગીરી લેતા હોવાનુ જણાવી,

વધુમાં આ ગોડાઉન સળગવાના બનાવમા તપાસમા જાબુંચાભાઈને તેઓની સાથે કોઈ મનદુખ હોય જેથી કરીને ટાઈગર ઉર્ફે અરવિંદભાઈ નામના વ્યકિતને ગોડાઉન સળગાવવા માટે જણાવેલ હોય તેવુ જાહેર થયેલ હોવાનું જણાવી વધુમાં સને ૨૦૦૯ ના વર્ષમા પણ આ ગોડાઉન સળગી ગયેલ હતુ. જેથી ગોડાઉનના રાઉન્ડ ફોરેસ્ટરની વિરુધ્ધ ઈન્કવાયરી ઉભી થયેલ. જેથી તેઓનું પણ એવુ માનવુ હતુ કે તેઓને કોઈ નુકશાન જાય અને તેઓ વિરુધ્ધ પણ ઈન્કવાયરી થાય જેથી આ અરવિંદભાઈએ ગોડાઉન સળગાવેલ હોય તેવુ જે તપાસમા માલુમ પડેલ હોય જેના આધારે તેમનુ માનવુ હોય તેવુ

જણાવી પોલીસે તેમની બનાવ સંબંધી પુછપરછ કરેલાનું જણાવી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તર્ફે જે ઉલટતપાસ કરવામાં આવેલછે તેને જોવામાં આવે તો આ સાહેદે તેમની જુબાનીમાં નીચેની કેટલીક બાબતે સ્પષ્ટપણે સ્વીકારીને જણાવેલ છે.

''એ વાત ખરી છે કે બનાવ સમયે હુ રજા ઉપર હતો. હુ બનાવ વખતે ટુંકાગાળાની રજા પર હોય ગોડાઉનનનો ચાર્જ કોઈને સોંપેલ નહી. મારો જે પોલીસે જવાબ લીધેલો તે મે વાંચેલો.''

''એ વાત ખરી છે કે મે મારા પોલીસ નિવેદનમા વન વિભાગની વન સંરક્ષણ સર્વધન, વન્યપ્રાણી સંરક્ષણ સંવર્ધન વિગેરે બાબતોની મૌખીક સુચના આપતા હોઈએ છીએ તેવુ લખાવેલ નથી.''

''એ વાત ખરી છે કે અમારા ગોડાઉનને ચાર દરવાજા છે.''

''એ વાત ખરી છે કે તેનો પશ્ચિમ તરફનો દરવાજો તુટેલી હાલતમા છે.''

''એ વાત ખરી છે કે હુ રજા પરથી પરત આવ્યો ત્યારે ગોડાઉનનુ તમામ ઘાસ સળગી ગયેલુ.''

''એ વાત ખરી છે કે વર્ષ – ૨૦૦૯ થી સાલમા પણ આ ગોડાઉનમા આગ લાગેલી.''

''એ વાત ખરી છે કે તે વખતે કોઈએ ઘાસ સળગાવેલ હોય તેવુ તપાસમા ખુલેલ નહી.''

''એ વાત ખરી છે કે ગોડાઉનની બાજુમા રહેતા આરતીબેન પ્રવિણભાઈ ડાભી મારા ઘરે કામ કરતા હતા.''

''એ વાત ખરી છે કે આરતીબેનના જવાબની આરોપીઓએ ગોડાઉન સળગાવેલાની શંકા ઉભી થયેલી.''

આ સાહેદની ઉપરોકત સમગ્ર જુબાનીને રેકર્ડના સંજોગો સાથે જોવામાં આવે તો આ સાહેદ જે કાઈ પણ જુબાની આપી રહેલ છે તે જુબાની ઉપરથી એ બાબતે સ્પષ્ટ બને છે કે, બનાવ સંદર્ભે આ સાહેદને વ્યકિતગત અને અંગત કોઈજ જાત માહીતી નથી તથા કોઈ તપાસ ઉપરથી આરોપીઓની સંડોવણી ખુલેલ હોય તેવી મુખ્ય બાબત આ સાહેદ જુબાનીમાં જણાવે છે.

વધુમાં જયા સુધી આ સાહેદે જે તપાસ તથા જે સાહેદોના નિવેદનો સંદર્ભે જે વિગતો જણાવે છે તેનો પ્રશ્ન છે ત્યાસુધી તેવી તપાસના તથા નિવેદન સંદર્ભેના કોઈ પુરાવા આ સાહેદની જુબાનીના સમર્થનમાં રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં આ સાહેદ પોતાની જુબાનીમા જે ૨૦૦૯માં ગોડાઉનમાં આગ લાગવા સંદર્ભે રાઉન્ડ ફોરેસ્ટની વિરૂધ્ધ ઈન્કવાયરી ઉભી થયેલ હોવા સંદર્ભે તથા તેઓને નુકશાન જાય અને તેઓની વિરૂધ્ધ પણ ઈન્કવાયરી થાય તે કારણસર અરવિંદભાઈએ આગ લગાડેલ હોય તેવુ તપાસમાં માલુમ પડેલ હોય અને તે આધારે તેઓનું માનવુ હોય તેવી જે વિગતો જણાવે છે તે વિગતોના સંદર્ભે ખરેખર કોઈ તપાસ થયેલ છે કે કેમ તેનો કોઈ આધાર રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. તેવી કોઈ તપાસ સદર્ભેનો અહેવાલ કે પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. તથા આ સાહેદ આ જે વિગતો જુબાનીમાં જણાવે છે તે માત્ર અનુમાનીત આધારીત છે તથા જે કારણ આગ લગાડવા પાછળનું બતાવવામાં

આવે છે તે સંદર્ભે સ્પષ્ટ અને નિ:શંક પુરાવાના અભાવના સંજોગોને જોતા આ સાહેદની અનુમાન આધારીત સરતપાસની વિગતોને આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટેના પુરતા અને નિ:શંક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ ન હોવાનું સ્પષ્ટ બને છે.

વધુમાં જયા સુધી આ સાહેદ જે સાહેદોના નિવેદનો અંગે કે તપાસના જવાબો અંગે જણાવે છે તે પૈકીના સાહેદોના આ કામે લેવામાં આવેલ જુબાનીઓ મૌખિક પુરાવા કે જેના સંદર્ભે હવે પછી જે તે સમયે પુરાવાના મુલ્યાંકન સંદર્ભે જે ચર્ચા કરવામાં આવેલ છે તેને જોતા પણ તેવા કોઈ સાહેદોના પુરાવાનું આ સાહેદની સોગંદ ઉપરની મૌખિક જુબાનીની વિગતને કોઈ સ્પષ્ટ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય આ સાહેદની સોગંદઉપરની જુબાનીને અન્ય પુરાવાના સ્પષ્ટ અને નિ:શંક સમર્થનના અભાવના સંજોગોને જોતા તથા આ સાહેદને બનાવ સંદર્ભે કોઈ વ્યકિતગત જાત માહીતી તથા જ્ઞાન ન હોય માત્રને માત્ર આ સાહેદની ફરીયાદ તથા મૌખિક જુબાનીનો પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

૧૦.૭) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૧ તરીકે સાહેદ કરશનભાઈ રુખડભાઈ ગોહીલને આંક–૨૮ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામા આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

તેઓ તળાજા ગોપનાથ રોડ ફોરેસ્ટ કવાર્ટર નં.૧ મા તેઓના પરીવાર સાથે રહેતા હોવાનું અને બનાવના સાત વર્ષથી ત્યા ફોરેસ્ટ ગાર્ડ તરીકે ફરજ બતાવતા હોવાનું અને હાલમા તેઓ પાલીતાણા મુકામે ફરજ

બજાવતા હોવાનું તથા બનાવ તા. ૯/૫/૧૫ ના રોજ સવારના દસેક વાગે બનેલ હોવાનુ તથા બનાવમા તેઓના ફોરેસ્ટ ગોડાઉન જે ગોપનાથ રોડ પર આવેલ છે તેમા આગ લાગેલ હોવાનું તથા બનાવના દિવસે તેઓ તેઓની બિડમા આગળની રાત્રે નાઈટ પેટ્રોલીંગમા હતા ત્યાથી બનાવના દિવસે સવારના નવ વાગે તેઓના કવાર્ટરે આવેલ હોય અને ત્યાથી ફ્રેશ થઈ સાડા નવની આસપાસ તેઓ તેઓના ફીલ્ડ વિસ્તારમા જવા નિકળી ગયેલ હોય તથા ત્યાર બાદ સવા દસથી સાડા દસમા તેઓના ચોકીદાર ખેંગારસિંહનો ફોન તેઓનામાં આવેલ હોય અને તેણે તેઓને જણાવેલ હોય કે આપણુ તળાજાનુ સરકારી ગોડાઉન સળગે છે. જે જાણ થતા તેઓ પોતે અગીયારથી અગીયારના સમયમા બનાવસ્થળે આવી ગયેલ હોય  અને ત્યા આવી બધાની સાથે ઓલવવાની કામગીરીમા લાગી ગયેલ હોય  અને આ આગ ઓલવતા હતા ત્યારે બાર થી સાડાબારના ગાળમા તેઓએ અરવિંદ ઉર્ફે ટાઈગરને ગોડાઉન આગળથી પસાર થતા જોયેલ હોય તેવુ જણાવી પોલીસે તેમનો જવાબ લીધેલ હોય તેવુ જણાવેલ છે તથા કોર્ટ રૂબરૂ આરોપી અરવિંદને ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તર્ફે જે ઉલટતપાસ કરવામાં આવેલછે તેને જોવામાં આવે તો આ સાહેદે તેમની જુબાનીમાં નીચેની કેટલીક બાબતે સ્પષ્ટપણે સ્વીકારીને જણાવેલ છે.

''મારો જવાબ પોલીસે ૧૦ મી અથવા ૧૧ મી તારીખે ફોરેસ્ટના ગોડાઉને લીધેલો. મારો પોલીસે જવાબ લીધો તે અગાઉ મને વાંદા સાહેબ મળેલા.''

''એ વાત ખરી છે કે મારા પોલીસ જવાબમા આરોપી અરવિંદ ઉર્ફે ટાઈગરે બાર થી સાડા બાર વાગે ફોરેસ્ટ ગોડાઉન પાસેથી જતા જોયેલો તેવુ લખાવેલ નથી. (માત્ર બાર થી સાડાબાર પુરતુ ઓમીશન) મે આરોપી હરવિંદને ગોડાઉન પાસેથી પસાર થતો જોયાનુ કહુ છુ તે સમયે મારી ઓફીસના બીજા સ્ટાફવાળા પણ મારી સાથે હતા. તે સ ટાફના નામ મને યાદ નથી.''

ઉપરોકત સમગ્ર જુબાનીને ઘ્યાને લેવામાં આવે તો એ બાબત બિલકુલ સ્પષ્ટ બને છે કે આ સાહેદની જુબાનીમાં કયાય પણ સરકારી ગોડાઉનમાં લાગેલ આગમાં હાલના આરોપીઓ કોઈપણ રીતે સંડોવાયેલ હોય તેવી કોઈજ બાબત રેકર્ડ ઉપર આવતી ન હોય તથા જયા સુધી બાર થી સાડા બારના ગાળામાં આરોપી અરવિંદ ઉર્ફે ટાયગરને ગોડાઉન પાસેથી પસાર થતો હોવાની વિગતો પણ બનાવનો સમય કે જે નવ થી દશ વાગ્યાના ગાળા વચ્ચેનો છે તેને પણ જોતા તથા તે સદર્ભેના આ સાહેદના નિવેદનના અને જુબાનીના વિરોધાભાષને પણ જોતા આ સાહેદનો સમગ્ર પુરાવો આરોપીઓ સામેના ઘડવામાં આવેલા આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે. તે જોતા આ સાહેદનો પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોય તેવુ સ્પષ્ટ બને છે.

૧૦.૮) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.-૧૨ તરીકે પીએસઓ હઠીસિંહ અમરસિંહ સોલંકીને આંક-૩૦ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

ગઈ તા. ૧૧/૫/૧૫ ના રોજ તેઓ તળાજા પોસ્ટે.મા પીએસઓના ચાર્જમા હતા ત્યારે તેમની પાસે હેડ કોસ્ટેબલ એ.ડી.ગોહીલ રુબરુની ફરીયાદ આવતા તેઓએ તળાજા પોસ્ટે.ની સ્ ટેશન ડાયરીના પાના નં. ૨૨ ના ક્રમ નં. ૨૧ પર ગુ.ર.નં. ૪૧/૧૫ થી આઈપીસી ક – ૪૩૬,૧૧૪ મુજબનો ગુનો નોંધી અને આગળની તપાસ એ.ડી.ગોહીલને સોંપેલ હોય તેવુ જણાવી તપાસ સોપ્યાની યાદી આંક–૩૧માં તેમની સહી હોય તથા આંક–૩૨ વાળા ફેકસ મેસેજમાં પણ તેમની સહી હોય તેવી વિગત જણાવે છે

આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ પોતાની ઉલટતપાસમાં તેમની સમક્ષ લેખીત સ્વરૂપમાં ફરીયાદ આવેલ હોય અને તે આધારે ગુન્હો દાખલ કર્યા સિવાય તેઓએ બીજી કોઈ કાર્યવાહી કરેલ ન હોય તેવી વિગત સ્વીકારેલ છે.

૧૦.૯) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૩ તરીકે ત.ક.અ. અનોપસિંહ દિલીપસિંહ ગોહીલને આંક–૩૩ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

ગઈ તા. ૯/૫/૧૫ ના રોજ તેઓ તળાજા પોસ્ટેમા ટાઉન બીટમા હેડ કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સરકારી ફોરેસ્ટ રેન્જના ખડના ગોડાઉનમા આગ લાગવાને કારણે તળાજા પોસ્ટે. અકસ્માત આગ રજીસ્ટર નં. ૩/૧૫ ની તપાસ તેઓને સોંપેલ હોય તથા તે વખતે તપાસ સંભાળી એફએસએલ અધિ.ને વાયરલેસ મેસ ેજથી બોલાવી બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય અને સાહેદોના

નિવેદન લીધેલ હોય તથા તપાસ દરમિયાન તા. ૧૧ ના ફોરેસ્ટ અધિકારી શ્રી પી.બી. દવે સાહેબ પાલીતાણા વાળા તેની ખાતાકીય તપાસ કરતા હોય તે દરમિયાન તેઓને તપાસના અંતે અરવિંદ ઉર્ફે ટાઈગર નામના છોકરાએ આગ લગાડેલ હોવાનુ તપાસમા માલુમ પડતા તેઓએ તેઓની ફરીયાદ તેઓના રુબરુમા આપેલ હોય તથા તે ફરીયાદ તેઓએ તળાજા પોસ્ટે.મા આઈપીસી ૪૩૬,૧૧૪ પબ્લીક પ્રોપર્ટી એકટ ૩,૪ મુજબનો ગુનો રજીસ્ટર કરાવેલ હોય તથા જે તળાજા પોસ્ટે ફ.ગુ.ર.નં. ૪૧/૧૫ થી પીએસઓ એચ.એ.સોલંકીએ રજીસ્ટર કરી તપાસ તેઓને સોંપેલ હોય તેવુ જણાવી વધુમાં,

તેઓને આંક – ૨૩ ની પી.બી.દવેની અસલ ફરીયાદ જોઈ તેમા તેમની રૂબરૂની ફરીયાદીની સહી તથા રૂબરૂપણામાની તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓએ આરોપી અરવિંદ ઉર્ફે ટાઈગરને એરેસ્ટ કરેલ હોય તથા તેઓની પાસેથી ગુનામા વપરાયેલ મોબાઈલ નોકીયા કંપનીનો પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તથા તેઓને આંક– ૧૭ નુ આરોપીને અટક કર્યા અંગેનુ તથા મોબાઈલ કબ્જે કર્યાનુ પંચનામુ જોઈને તે તે જ છે તેવુ જણાવી જે તેઓએ પંચો રુબરુ પંચોના લખાવ્યા મુજબ લખેલ હોય તેવુ જણાવી વધુમાં તેઓએ તપાસના કામે સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીને મુદત સમય દરમિયાન કોર્ટમા રજુ કરેલ હોય આરોપી નં. ૨ કીશોરભાઈ જાંબુચા અંગે તપાસ કરેલ હોય તથા તે વખતે તે મળેલા નહી તેવુ જણાવી આ કામની તપાસ નાયબ પોલીસ અધિક્ષક મહુવાએ પીએસઆને સોંપવા સુચના કરતા પીએસઆઈ એસ.જી.

ખાંભલાને તપાસ સોંપી આપેલ હોય તેવુ જણાવી આંક–૩૪, આંક– ૩૫, આંક– ૩૬, આંક– ૩૭, આંક– ૩૮, આંક– ૩૯ વાળા દસ્તાવેજી આધારો રીફર કરેલ છે તથા વધુમાં તેઓએ આરોપી અરવિંદને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તથા કબજે કરેલ મોબાઈલ અને અર્ધ બળેલુ ઘાસ વાળો મુદ્દામાલ પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ કરી જે તકરારો લેવામાં આવેલ છે તે જોતા આ સાહેદે પોતાની ઉલટતપાસ દરમ્યાન નીચેની કેટલીક બાબતે સ્પષ્ટપણે સ્વીકારેલછે.

''એ વાત ખરી છે કે મે ગુનાની તપાસ સંભાળી તે અગાઉ તળાજા પોસ્ટે.મા અકસ્માત ગુના નં. ૩/૧૫ થી આ બનાવની અકસ્માત આગની નોંધ થયેલી અને તે કામે મે સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરેલુ. જે આ કામે આંક– ૨૦ થી રજુ છે.''

''એ વાત ખરી છે કે તે પંચનામુ કરવા હુ સ્થળ ઉપર ગયેલો. અને તે પંચનામા મુજબ ઘાસના ગોડાઉનનના ચાર દરવાજા પૈકી પાછળનો દરવાજો તુટેલો હતો અને તે મે જોયેલો. તે ગોડાઉનની પશ્ચિમ બાજુ ઓમકાર વેલ્ડીંગ વર્કસની દુકાન આવેલી હતી.''

''આ કામની ફરીયાદ મે ફોરેસ્ટ ખાતાની ઓફીસે લીધેલી. ફરીયાદ પોલીસ સ્ટેશન હદના બહારના ગામમા લીધેલ હોય તે તે ફરીયાદમા કેમ્પ લખાય. મને આંક– ૨૩ વાળી ફરીયાદ બતાવવામા આવે છે જે જોઈને કહુ છે તે તેમા ફરીયાદ શરુ કર્યાનો અને પુરી કર્યાનો સમય લખેલ નથી.''

''મે આરોપીને અટક કર્યા ત્યારે તેની પાસેથી આગ લગાડવાના કોઈ સાધનો કબ્જે કરેલા નથી.''

આ સાહેદની જુબાનીને સમગ્રપણે જોવામાં આવે તો આ સાહેદ આ ગુન્હાના કામે મોટા ભાગની તપાસ કરનાર અધિકારી છે. તે જોતા એ બાબત નિર્વિવાદપણે સ્પષ્ટ બને છે કે આ સાહેદને બનાવ અંગે વ્યકિતગત કે અંગત કોઈ જ્ઞાન નથી.

વધુમાં આ સાહેદ પોતાની તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધેલ હોવાના સંદર્ભે તથા પંચનામા કરેલ હોવા સંદર્ભે જે કાઈ પણ વિગત સોગંદનામામાં જણાવે છે તેના સંદર્ભે રજુ થયેલ પુરાવો જોતા સાહેદો પૈકીના મોટા ભાગના સાહેદ સંદર્ભે અગાઉ તથા હવે પછી કરેલ પુરાવાના મુલ્યાંકનને ધ્યાને લેતા આ તમામ સાહેદો બનાવના સંદર્ભે આરોપીને સીધી રીતે સંડોવી શકાય તેવો કોઈ નિ:શંક પુરાવો આપતા ન હોવાનું સ્પષ્ટ બનતુ હોય કે સાહેદોના પુરાવાના સ્વરૂપને ધ્યાને લેતા માત્ર આ સાહેદે તપાસ કરનાર અધિકારી તરીકે તેવા સાહેદોના નિવેદનો લીધેલ હોય તેટલીજ બાબત કે તેવા નિવેદનોની બાબત આરોપી સામેના પુરતા અને નિ:શંક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ ન હોવાનું સ્પષ્ટ બને છે.

વધુમાં જયા સુધી આ સાહેદે તેમની જુબાનીમાં વિવિધ પંચનામા કર્યા સંદર્ભે જે વિગતો જણાવે છે તેને આગળ ઉપર કરેલ ચર્ચા મુજબ પંચોના પુરાવાને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તથા તે પંચનામા પણ કાયદાની અપેક્ષા મુજબ પુરવાર થયેલ ન હોય તેને ધ્યાને લેતા તે સંદર્ભે આ સાહેદનો મૌખિક પુરાવો પણ

આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવામાં પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

૧૦.૧૦) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૪ તરીકે સાહેદ સંદિપ ગોવિંદભાઈ ખાંભલાને આંક–૪૦ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

ગઈ તા. ૧૧/૫/૧૫ ના રોજ તેઓ તળાજા પોસ્ટે.મા પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હોવાનુ તથા તા. ૯૪/૧૫ ના તળાજામા આવેલ ફોરેસ્ટના ઘાસના ગોડાઉનમા આગ લાગતા જે અન્વયે આગ અકસ્માત ૩/૧૫ થી દાખલ થયેલ હોય તથા તે આગ અકસ્માતની તપાસ તળાજા પોસ્ટે.ના હે.કો. એ.ડી.ગોહીલ નાઓ કરતા હોય તથા આ કામે ઉપરી અધીશ્રીના હુકમ મુજબ તપાસ અમોને સોંપતા તેઓએ ત.ક.અધીશ્રી એ.ડી.ગોહીલ પાસેથી તપાસના કાગળો મેળવી આ ગુનાની તપાસ સંભાળી લીધેલ હોય અને બાદમા ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હોય તેમજ આ ગુનાના કામે આરોપી નં. ૨ કીશોરભાઈ જાંબુચાને ગુનાના કામે અટક કરવામા આવેલ હોય અને સદરહુ ગુનાના કામનો મુદામાલ એફએસએલ કચેરી જુનાગઢ ખાતે પરીક્ષણ માટે મોકલેલ હોય અને સદરહુ બન્ને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ હોય તેવુ જણાવી આંક–૪૧ થી રજુ થયેલ મોબાઈલની કોલ ડીટેઈલ કરાવવાની યાદી તથા આંક–૪૨ થી રજુ થયેલ કોલ ડીટેઈલ વાળા આધારો રીફર કરી રજુ કરેલ છે. વધુમાં આ કામે તેઓએ આરતીબેનનુ નિવેદન લીધેલ હોય અને તેઓએ તેમના નિવેદનમા અરવિંદ ઉર્ફે ટાઈગરને આગ લાગી ત્યારે

વંડી ટપીને જતા જોયેલ હોય તેવુ લખાવેલ હોય તેવિ વિગત જણાવી વધુમાં તેઓએ ફોરેસ્ટના અધીકારીઓના નિવેદનો લીધેલાનું જણાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરી કેટલીક તકરારો લેવામાં આવેલ છે તે ઉલટતપાસની વિગતો જવામાં આવે તો આ સાહેદે પોતાની ઉલટતપાસમાં નીચેની કેટલીક બાબતો સ્વીકારેલ અને જણાવેલ છે.

''એ વાત ખરી છે કે મને તપાસ મળી ત્યારે બનાવવાળી જગ્યાનુ પંચનામુ અને કાગળો મળેલા.''

''એ વાત ખરી છે કે પંચનામામા ગોડાઉનનનો પશ્ચિમ તરફનો અર્ધતુટેલો તથા લબડતી હાલતમા જોવા મળેલ છે તેવુ લખેલ છે. મે બનાવવાળી જગ્યા જોયેલી.''

''એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની બહાર નજીકમા વેલ્ડીંગ વાળાની દુકાન છે. આ જે દરવાજો તુટેલો હતો તેનાથી થોડેક દુર રોડ આવેલ છે. હુ એ ના કહી શકુ  કે તે રોડ ઉપરથી કોઈનુ કુલેકુ કે વરઘોડો નિકળે અન ેફટાકડા કુટે તો તે ગોડાઉન સુધી પણ જઈ શકે.''

''એ વાત ખરી છે કે મને પ્રથમ જે તપાસ મળેલી ત્યારે અકસ્માતે આગ લાગ્યાની બાબત હતી.''

''એ વાત ખરી છે કે મારા તપાસના પેપર્સ મુજબ ફોરેસ્ટ અધીકારી બી.જી.માયડાએ પોલીસને એવી ફરીયાદ આપેલી કે આ ગોડાઉનમા અકસ્માતે આગ લાગેલી છે.''

''એ વાત ખરી છે કે આ ગોડાઉનના કંન્ટ્રોલમા હતા તે અધીકારી વાંદા સાહેબને હુ ઓળખુ. એવુ મારી તપાસમા ખુલેલ નથી કે આ આરતી બેન આ અધીકારીને ત્યા કામ કરતા હતા. વાંદા સાહેબ ત્યા કવાર્ટરસમા રહેતા હતા.''

''એ વાત ખરી છે કે આરતીબેન અને તેના બા બાજુમા સર્વન્ટ કવાર્ટરમા રહેતા હતા.''

''એ વાત ખરી છે કે મારી તપાસ મા એવુ પણ ખુલેલુ કે વાંદા  સાહેબ અને આરોપી કીશોરભાઈ  સામસામા પત્ર વ્યવહાર કામકાજ બાબતે થયેલા.''

''એ વાત ખરી છે કે મારી તપાસ દરમિયાન બનાવ પહેલા ગોડાઉનમા કેટલુ ઘાસ હતુ, કેટલુ વિતરણ થયુ અને કેટલુ બનાવ સમયે હતુ તેના સ્પષ્ટ આંકડા કે માહિતી જે તે અધીકારીઓ પાસેથી મેળવેલ નથી.''

''એ વાત ખરી છે કે મારી તપાસમા એવુ પણ ખુલેલુ કે વર્ષ ૨૦૦૯ મા પણ આ ગોડાઉનમા અકસ્માતે આગ લાગેલી.''

આ સાહેદની જુબાનીને સમગ્રપણે જોવામાં આવે તો આ સાહેદ આ ગુન્હાના કામે મોટા ભાગની તપાસ કરનાર અધિકારી છે. તે જોતા એ બાબત નિર્વિવાદપણે સ્પષ્ટ બને છે કે આ સાહેદને બનાવ અંગે વ્યકિતગત કે અંગત કોઈ જ્ઞાન નથી.

વધુમાં આ સાહેદ પોતાની તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધેલ હોવાના સંદર્ભે તથા પંચનામા કરેલ હોવા સંદર્ભે જે કાઈ પણ વિગત સોગંદનામામાં જણાવે છે તેના સંદર્ભે રજુ થયેલ

પુરાવો જોતા સાહેદો પૈકીના મોટા ભાગના સાહેદ સંદર્ભે અગાઉ તથા હવે પછી કરેલ પુરાવાના મુલ્યાંકનને ધ્યાને લેતા આ તમામ સાહેદો બનાવના સંદર્ભે આરોપીને સીધી રીતે સંડોવી શકાય તેવો કોઈ નિ:શંક પુરાવો આપતા ન હોવાનું સ્પષ્ટ બનતુ હોય કે સાહેદોના પુરાવાના સ્વરૂપને ધ્યાને લેતા માત્ર આ સાહેદે તપાસ કરનાર અધિકારી તરીકે તેવા સાહેદોના નિવેદનો લીધેલ હોય તેટલીજ બાબત કે તેવા નિવેદનોની બાબત આરોપી સામેના પુરતા અને નિ:શંક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ ન હોવાનું સ્પષ્ટ બને છે.

વધુમાં જયા સુધી આ સાહેદે તેમની જુબાનીમાં વિવિધ પંચનામા કર્યા સંદર્ભે જે વિગતો જણાવે છે તેને આગળ ઉપર કરેલ ચર્ચા મુજબ પંચોના પુરાવાને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તથા તે પંચનામા પણ કાયદાની અપેક્ષા મુજબ પુરવાર થયેલ ન હોય તેને ધ્યાને લેતા તે સંદર્ભે આ સાહેદનો મૌખિક પુરાવો પણ આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવામાં પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

૧૦.૧૧) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.-૧૬ તરીકે સાહેદ નરશીભાઈ મકનભાઈ રામાણીને આંક-૪૪ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

વર્ષ ૨૦૧૫ મા તેઓ મહુવા રેન્જ ફોરેસ્ટ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. તેઓના કાર્યક્ષેત્રમા મહુવા, તળાજા અને જેસર ત્રણ તાલુકા આવતા હતા. તેઓની કામગીરીમા કર્મચારીઓ પાસેથી ખાતાકીય કામગીરીઓ તથા વન્ય પ્રાણીને સારવાર માટે રેસ્કયુ કરાવી

વેટરનીટી ડોકટર પાસે સારવાર કરાવવાની તથા નવેમ્બર ડીસેબરમા ટાર્ગેટ મુજબ ઘાસ એકઠુ કરવાની કામગીરી ઉપર દેખરેખ રાખવાનુ હતુ. આ બનાવ તા. ૯/૫/૧૫ ના રોજ તળાજા ફોરેસ્ટ કોલોની તથા રેન્જ ફોરેસ્ટ ઓફીસરની કચેરી તળાજાના કંપાન્ડમા આવેલ તેઓના વિભાગના ઘાસ ગોડાઉનમા બનેલ હોય અને તે સમયે તે ગોડાઉનમા આગ લાગેલ હોય તથા તે સમયે તેઓ મહુવા હતા અને તેઓને આ બનાવની તેઓની કચેરી તરફથી જાણ થતા તેઓ ત્યા સ્થળ ઉપર ગયેલ હોય અને ત્યા જઈને જોયુ તો ગોડાઉનમાથી ધુંમાડા નીકળતા હતા અને ફારબ્રીગેડ તરફથી પાણીનો છંટકાવ શરુ હતો અને આ પાણી છાંટવા માટે બંધ દરવાજાને પણ ખેડવી નાખેલ હતા અને ગોડાઉન ૯ ફુટ જેટલી ઉંડાઈ ધરાવતુ હોવાથી તેમા ૧ ફુટ જેટલુ પાણી ભરાઈ ગયેલ હતુ. છતા પણ ઉપરની ગાંસડીઓ સળગતી હોય અને તેઓના રેન્જ ફોરેન્સ ઓફીસર પાલીતાણા ઈન્ચાર્જ મદદનીશ વન સંરક્ષક ભાવનગરએ સ્થળ ઉપર આવેલ હોય અને આની તપાસ તેઓના સ ટાફના ફોરેસ્ટર શ્રી એચ.જે.વાંદા સાથે રહી કરતા તેઓને માલુમ પડેલુ કે આ આગ લગાડવાનુ કૃત્ય શ્રી વાંદાભાઈ નીચેના તાબાના ગાર્ડનુ હોય અને તેનુ નામ તેમને ખબર ન હોય તેવુ જણાવી વધુમાં,

આ બનાવની ફરીયાદ શ્રી દવે સાહેબે તળાજા પોસ્ટે.મા આપેલ હોય તથા પોલીસે તેઓનો કોઈ જવાબ લીધેલો ન હોય તથા તેઓના મતે આ બનાવનુ કારણ જાબુંચા ગાર્ડ તથા એચ.જે.વાંદા ફોરેસ્ટ ઓફીસર વચ્ચેના અણબનાવને લીધે બનેલ હોય તેવુ જણાવી તેઓ

ત્યા ગયો ત્યારે કોઈએ તેમને કંઈ વાત કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવેલ છે. વધુમાં,

તેઓ ફોરેસ્ટરના તથા બાજુમા રહેતા આરતીબેનના નિવેદન લીધેલ હોય અને તેઓએ એવુ જણાવેલ કે સવારના વહેલા આગ લગાડી અરવિંદ નામનો માણસ હતો તે વંડી ટપીજે જતો રહેલો તેવુ લખાવેલ હોય તથા તેને આરતીબેનના મમ્મી મંગુબેને રુબરુ પુછતા એમ કહેલ કે હુ ફોરેસ્ટ ગાર્ડ જાબુંચાની બેગ ભુલી ગયા હતા તે લેવા માટે આવેલ છુ તેમ કહી તે સળગતી દીવાસળી નાખી વંડી ટપી જતો રહેલો તેવુ લખાવેલ હોય તથા તેઓની રુબરુ બીજા કોઈએ કોઈ નિવેદનમા આવી વિગત જણાવેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવી કોર્ટ રૂબરૂ આરોપી જાંબુચાભાઈને ઓળખી બતાવી બાજુમાં બેઠેલ અન્ય વ્યકિતને આરોપી અરવિંદ તરીકે ઓળખી બતાવેલ છે.

આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરી કેટલીક તકરારો લેવામાં આવેલ છે તે ઉલટતપાસની વિગતો જવામાં આવે તો આ સાહેદે પોતાની ઉલટતપાસમાં નીચેની કેટલીક બાબતો સ્વીકારેલ અને જણાવેલ છે.

''મને ૯ તારીખે સવારે સાડા નવે બનાવની જાણ થયેલી. હુ તળાજા બપોરના ૨ વાગે પહોંચેલો.''

''એ વાત ખરી છે કે ભરતભાઈએ ૯/૫/૧૫ ના રોજ અકસ્માતે આગ લાગેલાની ફરીયાદ આપેલી.''

''એ વાત ખરી છે કે હુ તે દિવસે બપોરે બે વાગે નહી પરંતુ ગાડી બગડેલ હોય રાત્રીના આઠ સાડા આઠે પહોંચેલો.''

''એ વાત ખરી છે કે અમારા ગોડાઉનના જે દરવાજા છે તેને તાળુ મારી શકાય તેવા હતા.''

''એ વાત ખરી છે કે આગ લાગે ત્યારે દરવાજા ખોલી શકાય.''

''એ વાત ખરી છે કે દરવાજા ખેડવી નાખેલા એ વિગત હુ સર્વપ્રથમ કોર્ટમા જણાવુ છુ.''

''એ વાત ખરી છે કે કોઈએ સળગતી દિવાસળી નાખેલી હોય તેવી વિગત કોઈના જવાબમા ખુલેલ નથી.''

''એ વાત ખરી છે કે હુ જે જવાબ લીધેલાનુ જણાવુ છુ તે જવાબ સમયે વાંદા સાહેદ ત્યા હાજર હતા.''

''એ વાત ખરી છે કે વાંદા સાહેબ તથા જાબુંચાને કોઈ વાંધો કે તકરાર હોય તે અંગેની કોઈ ફરીયાદ મારી પાસે આવેલ નથી.''

આ સાહેદની જુબાનીને સમગ્ર રીતે જોવામાં આવે તો નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

- આ સાહેદ બનાવ સંદર્ભેના સીધા કે પ્રત્યક્ષદર્શી સાહેદ નથી. અને તેઓને બનાવ અંગેની અંગત કે વ્યકિતગત જ્ઞાન નથી
- આ સાહેદની સરતપાસને જ જોવામાં આવે તો તેઓ સરતપાસમાં એક તબકકે આ અંગેની તપાસ તેમના સ્ટાફના ફોરેસ્ટર શ્રી વાંધા સાથે રહી કરતા આગ લગાવ્યાનું કૃત્ય શ્રી વાંદાભાઈ નીચેના તાબાના ગાર્ડનું હોય અને તેમનુ નામ આવડતુ ન હોય તેવી વિગત જણાવી બીજી બાજુ તેમની જ સરતપાસમાં ફોરેસ્ટરના અને બાજુમાં રહેતા આરતીબેનના નિવેદન લેતા સવારના વહેલા આગ લગાડી  અરવિંદ નામનો માણસ વંડી ટપી જતો જોયેલ હોય તેવુ લખાવેલાનું તથા આરતીબેનના મમ્મી

મંગુબેને ફોરેસ્ટ ગાર્ડ જાંબુચાની બેગ ભુલી ગયા હતા તે લેવા માટે આવેલ છુ તેમ કહી તે સળગતી દિવાસળી નાખી વંડી ટપીજતો રહેલ હોય તેવુ લખાવેલાનું આ સાહેદ જણાવે છે. જેની સામે આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ સ્પષ્ટપણે કોઈએ સળગતી દિવાસળી નાખેલ હોય તેવી વિગત કોઈના જવાબમાં ખુલેલ નથી. તેવુ સ્પષ્ટ પણે સ્વીકારેલ છે.

વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં તેમના મતે બનાવનું કારણ જાંબુચા ગાર્ડ તથા એચ.જે.વાંદા ફોરેસ્ટ ઓફીસર વચ્ચેના અણબનાવને લીધે બનેલ હોવાનું જણાવેલ છે પરંતુ આવા કોઈ અણબનાવની બાબત સંદર્ભે કોઈજ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં આ જ સાહેદની સરતપાસની વિગત મુજબ એક બાજુ અરવિંદ નામનો માણસ આગ લગાડી વંડી ટપીને જતો રહેલ હોય તેવુ નિવેદન આરતીબેને આપેલ હોવાનું જણાવી બીજી બાજુ વિરોધાભાષી રીતે ફોરેસ્ટ ગાર્ડ જાંબુચાની બેગ ભુલી ગયેલ છુ તે લેવા આવેલ છુ તેમ કહી સળગતી દીવાસળી નાખી વંડી ટપી જતો રહેલ હોય તેવી વિગતો જણાવેલ છે જે કેટલેક અંશે બનાવ સંદર્ભે મહત્વની વિરોધાભાષી બાબતો છે.

– આ સાહેદની સમગ્ર જુબાની જોતા આ સાહેદ જે કાઈ પણ પુરાવો આપે છે તે બીજાના નિવેદન કે જણાવેલ વિગતો આધારે આપે છે. તે જોતા આ સાહેદનો પુરાવો પણ હીયરસે સ્વરૂપનો હોય આ સાહેદના મૌખિક પુરાવા આધારે આરોપીને તેમની સામેના ગુન્હા સાથે સાંકડી શકાય તેમ ન હોય સ્પષ્ટ બને છે.

૧૦.૧૨) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૭ તરીકે સાહેદ આરતીબેન પ્રવિણભાઈ ડાભીને આંક–૪૫ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

તેઓ હાલે તળાજા મધ્યે ફોરેસ્ટ ગોડાઉનમા રહે છે તથા દાડીએ જાય છે તેઓ છેલ્લા ઘણા વર્ષથી અહીયા રહે છે. બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ઘરનુ ફળીયુ વાળતા હતા અને સવારના અગીયાર થી સાડા અગીયારનો સમય હતો. તેઓ ફળીયુ વાળતા હતા ત્યારે ટાઈટર નામના છોકરાને તેઓને વંડી ટપીને જતા જોયેલ હોવાનુ તથા તે સિવાય તેઓએ બીજુ કશુ જોયેલુ ન હોવાનુ તથા તેઓએ તેને આવતા કે બીજો કોઈ વસ્તુ કરતા જોયેલ ન હોવાનું તથા ફકત વંડી ટપતા જોયેલ હોય અને એ સિવાય બીજુ કાંઈ જાણતા ન હોવાનું તેમજ તેઓને બીજા કોઈ દવારા પણ આ બનાવ વિશે બીજી કોઈ વાત જાણવા મળલ ન હોવાનુ તથા તેઓ જે ટાઈગર વંડી ટપીને જતા જોયેલાનુ જણાવે છે તે જો કોર્ટમા હાજર હોય તો ઓળખી શકે તેવુ જણાવી આરોપી અરવિંદ ઉર્ફે ટાઈગરને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે વધુમાં, તેઓનો પોલીસે જવાબ લીધેલ હોવાનુ તથા તેઓએ પોલીસને જવાબમા અગાઉ કીધુ તે પ્રમાણે લખાવેલ હોય તેવુ જણાવેલ છે.

આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરી કેટલીક તકરારો લેવામાં આવેલ છે તે ઉલટતપાસની વિગતો જવામાં આવે તો આ સાહેદે પોતાની ઉલટતપાસમાં નીચેની કેટલીક બાબતો સ્વીકારેલ અને જણાવેલ છે.

''એ વાત ખરી છે કે આ ફોરેસ્ટની ગોડાઉનના કવાર્ટરમા વાંદા સાહેબ રહે છે.''

''એ વાત ખરી છે કે જો કોઈ વાર વાંદા સાહેબના ઘરેથી કોઈ વસ્તુ લેવા મુકવા જવાનુ કહે તો તે કામ હુ કરતી.''

''પોલીસે બનાવ પછી  કેટલા દિવસ પછી મારી પુછપર કરેલી તે મને યાદ નથી. મે પોલીસને કોઈ તારીખો લખાવેલ હોય તેવુ બનેલ નહી.''

''પોલીસે મને ફોરેસ્ટની ઓફીસે બોલાવી મારો જવાબ લીધેલો.''

''એ વાત ખરી છે તે સમયે વાંદા સાહેબ અને બીજા સાહેબો હાજર હતા.''

''એ વાત ખરી છે કે જવાબમા શુ લખેલુ તે મને વંચાવેલું નહી.''

''સાહેદ જણાવે છે કે સવારે નવ થી સાડા નવ વાગ્યે જોયેલો.''

''આગ લાગી ત્યાર પછી હુ ગોડાઉને જોવા ગયેલ નહી.''

આ સાહેદ સૌથી મહત્વના સાહેદ છે. આ સાહેદના પુરાવાને સમગ્ર રીતે જોવામાં આવે તો અને આ સાહેદની જુબાનીને એક તબકકે સંપુર્ણ સાચી માની લેવામાં આવે તો પણ આ સાહેદની જુબાની પરથી વધુમાં વધુ ટાયગર નામના કોઈ વ્યકિતને અગીયારથી સાડા અગીયારના ગાળા દરમ્યાન ફકત વંડી ટપીને જતો જોયેલ હોય એટલી બાબત સ્પષ્ટ બની શકે.

વધુમાં આ સાહેદ સરતપાસમાં સ્પષ્ટ પણે એ સિવાય તેઓએ બીજુ કશું જોયેલ ન હોય કે તેને ટાઈગરને આવતા કે બીજી કોઈ

વસ્તુ કરતા જોયેલ ન હોય અને બનાવ વિશે બીજુ કશું જાણતા ન હોય તેવી બાબત પણ આ સાહેદ સ્પષ્ટ પણે સ્વીકારેલ છે.

વધુમાં આ સાહેદની સરતપાસ જોવામાં આવે તો તે પોતાની સરતપાસમાં જ ટાઈગર નામના છોકરાને અગીયાર થી સાડા અગીયારના સમય દરમ્યાન વંડી ટપીને જતો જોયેલ હોય તેવી વિગત જણાવી ઉલટતપાસમાં તેનાથી વિપરીત અને વિરોધાભાષી બાબતો જણાવેલ છે. જો સરતપાસની બાબતને જોવામાં આવે તો તે જે અગીયારથી સાડા અગીયારનો સમય આ સાહેદ જણાવે છે તે બનાવના સવારના નવ વાગ્યાના સમય સાથે મહદઅંશે વિરોધાભાષી હોય તેવુ સ્પષ્ટ થાય છે.

જોકે એક તબકકે તેવુ માની પણ લેવામાં આવે કે ટાઈગર નામનો વ્યકિત તે દિવસે આ ગોડાઉનની વંડી ટપીને જતો હતો તો પણ તે સમગ્ર બનાવ સંદર્ભે એક માત્ર સાંયોગીક કડી ગણાય તેને જોતા એકમાત્ર આવો સંજોગ રેકર્ડ ઉપર આવેલ હોય એટલીજ બાબતને શું આગ લગાડવાની ઘટના સાથે આરોપી અરવિંદ ઉર્ફે ટાઈગર કે અન્ય આરોપી કીશોરભાઈ મકાભાઈને સાંકડી શકાય કે કેમ તે બાબતનો વિચાર કરતા એ બાબત સ્પષ્ટ બને છે કે, આવી ગોડાઉનમાં આગ લાગવાની ઘટના સાથે હાલના બંને આરોપીઓને સાંકડી શકાય તે માટે અન્ય કોઈજ સમર્થનીય સંજોગો કે સાંયોગીક બાબતે આગળ ઉપર તથા હવે પછી કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપર આવતી ન હોય તથા હાલના બંને આરોપીઓએ આવી ઘટના સાથે સાંકડી શકાય તેવા કોઈ અન્ય પુરાવા પણ રેકર્ડ ઉપર આવેલ ન હોય આ સાહેદની માત્રને માત્ર ટાઈગર નામના છોકરાને તે દિવસે સવારના અગીયારથી સાડા

અગીયારના સમયગાળા દરમ્યાન વંડી ટપીને જતો જોયેલ હોય એટલીજ બાબતના મૌખિક પુરાવા આધારે હાલના આરોપીઓએ આ ગોડાઉનમાં આગ લગાડવાનું ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેવુ નિ:શંકપણે પુરવાર થતુ હોવાનું માની શકાય તેમ  ન હોવાનું આ સાહેદનો પુરાવો પણ આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક  ન હોવાનું હું માનુ છુ.

૧૦.૧૩)	ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૫ તરીકે સાહેદ કાંતીલાલ મંગળદાસ વાઘેલાને આંક–૪૩ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

તેઓ વર્ષ ૨૦૧૫ મા સાઈન્ટીફીક ઓફીસર તરીકે અમરેલી ખાતે ફરજ બજાવતા હતા ત્યારે ભાવનગર કન્ટ્રોલથી અમરેલી કન્ટ્રોલ મારફત તા.૯/૫/૧૫ ના રોજ મેસેજ મળતા તેઓ તા. ૧૦/૫/૧૫ ના રોજ તળાજા પોસ્ટે. આવેલ હોય અને ત.ક.અધી.શ્રીએ જણાવેલ કે ફોરેસ્ટ ઓફીસ કંપાઉન્ડમા રહેલ બંધ ઘાસ ગોડાઉનમા આકસ્મીકે આગ લાગતા ગોડાઉનમા રાખેલ જંગલી ઘાસ બળી ગયેલ હોય તથા ત.ક.અધી.ના જણાવ્યા મુજબ બનાવ સ્થળનુ જીણવટપુર્વક નીરીક્ષણ કરતા બનાવ સ્થળ ગોપનાથ રોડ ઉપર આવેલ ફોરેસ્ટ ઓફીસ કંપાઉન્ડમા રહેલ ઘાસનુ બંધ ગોડાઉન હોય તથા સદરહુ ગોડાઉન આશરે ૫૦ ફુટપહોળુ, ૧૫૦ ફુટ લંબાઈ ધરાવતુ, ૯ ફુટ ઉંડુ અને ૨૫ ફુટ ઉંચાઈ ધરાવતુ, ચાર લોખંડના સરકી શકે તેવા દરવાજા ધરાવતુ પાકુ ચણેલ પતરાની છત ધરાવતુ ગોડાઉન હોય તથા સદરહુ ગોડાઉનમા ઘાસ ભરેલ હોય અને જે વિઝીટના સમયે સળગતુ હતુ. આગ ચાલુ હતી.

ગોડાઉનમા એક ફુટ જેટલુ પાણી ભરેલ હતુ. ગોડાઉનમા પ્રેશર કરીને બાંધેલ ઘાંસની ગાંસડીઓ અર્ધબળેલ હાલતમા તથા અમુક રાખ થયેલી હાલતમા પડેલ હોય તથા ગોડાઉનમાથી સતત ધુમાડા નીકળતા હતા. ઘાસની સપાટી લીસી અને ચળકતી હોવાથી ઘાંસ પર પાણી સરકી જતુ હોય જેથી ઉપરની ઘાસની સપાટી સળગતી હોય તથા આગ ચાલુ હોય તેવુ જણાવી વધુમાં સતત આગ ચાલુ હોવાથી આગનુ ચોકકસ કારણ તથા આગ કયા સ્થળેથી ચાલુ થઈ હશે તે સ્પષ્ટ કહી શકાય તેમ ન હોય તથા આગ દરવાજા પાસેથી પણ લાગી શકે, તેમ જ ઘાસમા ભેજ હોય તો ભેજને લીધે ગરમી પેદા થાય અને તેને લીધે પણ આગ લાગી શકે એવુ તેઓનું પ્રાથમીક તારણ હોય તથા બનાવસ્થળ વાળુ ગોડાઉન ચારે બાજુથી કંપાઉન્ડ વોલ ધરાવતી લોખંડના દરવાજાવાળું હોય તથા સદર કંપાઉન્ડમા ફોરેસ્ટ કવાર્ટર અને ફોરેસ્ટની ઓફીસ આવેલ હોય તથા સદર ગોડાઉનમા કયાય પણ વીજ કનેકશન જોવા મળેલ ન હોય તથા બનાવ સ્થળે ગોડાઉનમાથી તપાસાર્થે જુદી જુદી જગ્યાએથી બળેલ, અર્ધબળેલ ઘાસના નમુના તથા ઘાસ કબ્જે લ ેવામા આવેલ હોવાનું જણાવી તેઓએ આ સંદર્ભે રીપોર્ટ તૈયાર કરેલો જે આંક-૨૯ થી રજુ છે. જે પ્રાથમીક અહેવાલ તેઓના હસ્તાક્ષરમાં તૈયાર થયેલ અને તેમા તેઓની સહીને ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરી કેટલીક તકરારો લેવામાં આવેલ છે તે ઉલટતપાસની વિગતો જવામાં આવે તો આ સાહેદે પોતાની ઉલટતપાસમાં નીચેની કેટલીક બાબતો સ્વીકારેલ અને જણાવેલ છે.

''મને વર્ધી ૯ તારીખના રોજ ૧૭:૩૦ એ મળેલી. અને બનાવ સ્થળે બીજા દિવસે ૧૦ તારીખના રોજ સવારે ૯ વાગે હુ પોલીસ સ્ટેશન પહોંચેલો અને પોલીસની સાથે બનાવવાળી જગ્યાએ ગયેલો.''

''એ વાત ખરી છે કે ગોડાઉનનો પશ્ચિમ તરફનો દરવાજો એક બાજુથી અર્ધો તુટેલો અને અડધો લબડતો હતો.''

આ સાહેદની સોગંદઉપરની સમગ્ર જુબાની તથા આંક–૨૯ વાળા પ્રાથમીક અહેવાલ વાળા દસ્તાવેજી પુરાવાને સમગ્ર રીતે જોવામાં આવે તો બનાવ બાદ આ સાહેદ જે સરકારી ગોડાઉનમાં આગ લાગેલ ત્યાં સ્થળ તપાસણી માટે ગયેલ હોય અને તેઓએ બનાવવાળા સ્થળની ઝીણવટપુર્વક નિરીક્ષણ કરેલ હોય તથા જે તે સમયે આગ ચાલુ હોય તથા સતત આગ ચાલુ હોવાથી આગનું ચોકકસ કારણ તથા કયા સ્થળેથી ચાલુ થઈ હશે તે સ્પષ્ટ કહી શકાય તેમ ન હોય તથા આગ દરવાજા પાસેથી પણ લાગી શકે તેમજ ઘાસમાં ભેજ હોય તો ભેજને લીધે ગરમી પેદા થાય અને તેને લીધે પણ આગ લાગી શકે તેમ હોય તેવુ આ સાહેદે જે પ્રાથમીક તારણ આપેલ છે તેને જોતા આ સાહેદનો પુરાવો માત્રને માત્ર સંભવીતતાની બાબતો સંદર્ભે હોય અને આ સાહેદ આગ ચોકકસ કયા કારણસર લાગેલ છે તે અંગેનો પુરાવો આપવા પણ અસમર્થ હોય તથા આ સાહેદ પોતાની જુબાનીમાં તથા તેમના અહેવાલમાં કોઈપણ વ્યકિતઓ દવારા આગ લગાડવામાં આવેલ હોય તે અંગે કે આવી આગ લગાડવામાં આરોપીઓ કોઈપણ રીતે સંડોવાયેલ હોય તે અંગે કોઈ સ્પષ્ટ પુરાવો આપતા ન હોય આ સાહેદનો મૌખિક

પુરાવો તથા તેમના અહેવાલનો પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

૧૦.૧૪) ત્યારબાદ પ્રોસી.તરફે સાહેદ નં.–૧૮ તરીકે સાહેદ તે એફએસએલ અધિકારી તે શ્રી રમેશભાઈ કાનજીભાઈ ભાલીયાને આંક–૪૬ થી તપાસવામાં આવેલ તેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે,

પોલીસમથક તળાજા ખાતે તા. ૯/૫/૨૦૧૫ ના અકસ્માત આગ નં. ૩/૧૫ ના સંબંધી ચાર કલોથ પાર્સલો ૧૩૫૨/૧૫ તા. ૨૭/૬/૨૦૧૫ ધ્વારા મોકલ્યાનો જણાવતો પત્ર તા. ૨૯/૬/૨૦૧૫ ના રોજ મળેલ હોવાનુ તથા સદર કેસ તા. ૧૫/૯/૧૫ ના રોજ મને એલોટ કરવામા આવેલ હોવાનું તથા જેનુ તેઓએ પૃથ્થકરણકાર્ય શરુ કરેલ હોવાનું તથા તેઓના પૃથ્થકરણ દરમિયાન તેઓને જે ચાર પાર્સલ મળેલા તેમા એબીસીડી માર્ક હતા તેમા એ વાળા પાર્સલમા પ્લાસ્ટીકની એક કાળા રંગની કોથળીમા અર્ધબળેલ વનસ્પતીજન્ય પદાર્થના ભેજયુકત અવશેષો હતા અને કાળા રંગનો ભુકકા જેવો પદાર્થ હતા તથા બી વાળા પાર્સલમા કાળા રંગની કોથળીમા અર્ધબળેલ વનસ્પતીજન્ય પદાર્થ હતો તથા પાર્સલ સી અને ડી મા પણ તે જ પ્ર માણેના અર્ધબળેલ વનસ્પતીજન્ય પદાર્થના નમુના હતા તેવુ જણાવી વધુમાં,

આ તમામનુ તેઓએ પૃથ્થકરણ કરેલ હોય તથા તેઓના પૃથ્થકરણ દરમિયાન નમુના માર્ક ડી મા અવશેષીત પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી મળી આવેલ હોય તથા નમુના માર્ક એ, બી

અને સી મા અવશેષીત પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની મળી આવેલ ન હોવાનું જણાવી વધુમાં આંક–૪૭ થી રજુ થયેલ પૃથ્થકરણ અહેવાલ અને ફોર્વડીંગ લેટર તથા આંક–૪૮ થી રજુ કરેલ પત્ર તથા આંક–૪૯ થી રજુ કરેલ અહેવાલને રીફર કરેલ છે.

આ સાહેદને આરોપી તરફેથી ઉલટતપાસ કરી કેટલીક તકરારો કરવામાં આવેલ છે અને ઉલટતપાસ દરમ્યાન આ સાહેદે નીચેની કેટલીક બાબતે સ્વીકારેલ અને જણાવેલ છે.

''આ મુદામાલ અમારી ઓફીસમા ૨૯/૬/૧૫ ના રોજ મળેલો. જયારે મને આ કેસ ૧૫/૯/૧૫ ના રોજ મળેલો. આ દરમિયાન આ મુદામાલના પાર્સલ સેમ્પલ વોર્ડન પાસે રહેલા.''

''એ વાત ખરી છે કે તે ત્યા કઈ હાલતમા હતા તેની મને અંગત જાતમાહીતી નથી.''

આ સાહેદની સમગ્ર જુબાની તથા પૃથ્થકરણ અહેવાલને ઘ્યાને લેવામાં આવે તો વધુમાં વધુ આ પુરાવા ઉપરથી તેઓને જે કાઈ પણ સેમ્પલ પૃથ્થકરણ માટે મળેલ તેનુ તેઓએ પૃથ્થકરણ કરતા મુદ્દામાલ વાળા પાર્સલ ડી વાળા અર્ઘ બળેલ વનસ્પતીજન્ય પદાર્થના નમુનામાં પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી મળેલ હોય તેવી બાબત સ્પષ્ટ થઈ શકે, જોકે આ જ બાબતને એવી રીતે મુલવવામાં આવે કે ગોડાઉનમાં જે આગ લાગેલી તેમા કોઈ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી વાળા કોઈ પદાર્થથી આગ લગાડવામાં આવેલ હોય અને તે બાબતનું હાલના કામેના પ્રોસી.પક્ષના કેસ સાથે જોવામાં આવે તો પ્રોસી. પક્ષ તરફે ફરીયાદથી માંડી ચાર્જશીટ સુધીના કોઈપણ

તબકકેના કોઈપણ પુરાવામાં કે કોઈ નિવેદનમાં પ્રોસી.પક્ષનો કેસ કયાયપણ એવો નથી કે તેમના ગોડાઉનમાં આગ લગાડવા માટે પ્રથમ કોઈ પેટ્રોલીયમ પદાર્થ છાંટી અને આગ લગાડવામાં આવેલ હોય તેને જોતા હાલના કોઈ આરોપી સામે આવા આરોપીઓ તેની સાથે કોઈ પેટ્રોલીયમ પદાર્થ લઈ જઈ તે છાંટી અને પછી આગ લગાડેલ હોય તેવા કોઈ આરોપ કે આક્ષેપના અભાવના સંજોગને જોતા તથા ગોડાઉનમાં આગ લાગવાની ઘટના સાથે આરોપીઓને સાંકડી શકાય તેવો કોઈ શંકારહીત અને પુરતો પુરાવો જયારે પ્રોસી.પક્ષ તરફે રજુ થયેલ નથી તેને પણ જોતા આ સાહેદનો મૌખિક પુરાવો તથા પૃથ્થ કરણવાળા દસ્તાવેજી પુરાવો અને તેમાના પરીક્ષણના પરીણામવાળો પુરાવો હાલના આરોપીઓને તેમની સામેના આરોપો તથા ગુન્હા સાથે સાંકડવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૧૦. ૧૫) જયા સુધી અન્ય દસ્તાવેજી પુરાવાનો પ્રશ્ન છે ત્યા સુધી રજુ થયેલા તમામ દસ્તાવેજી પુરાવાને સંયુકત રીતે જોવામાં આવે તો આ દસ્તાવેજી પુરાવો પણ કયાય હાલના આરોપીઓએ તેમની સામેના આરોપો મુજબ સરકારી ગોડાઉનમાં આગ લગાડવાનું કૃત્ય કરી નુકશાન કરેલ હોય તેવી બાબત પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૧૧) આમ, ઉપરોકત તમામ ચર્ચાને સંયુકત રીતે જોતા પ્રોસી.પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવો વધુમાં વધુ સરકારી ગોડાઉનમાં આગ લાગવાનો બનાવ બનેલ હોય તથા તેમા રાખવામાં આવેલ ઘાસ બળી જતા નુકશાન થયેલ હોય તેટલી બાબત પુરવાર કરવા માટે કેટલેક

અંશે પુરતો હોવાનું સ્પષ્ટ બને છે પરંતુ હાલના આરોપીઓ સામે જે પ્ર માણેના આરોપો આ સરકારી ગોડાઉનમા આગ લગાડવા સંદર્ભેના ઘડવામાં આવેલ છે અને જે ઈ.પી.કો.કલમ – ૪૩૬, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ – ૩ તથા ૪ ની જોગવાઈ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા સંબંધે જે આરોપો સંકડાયેલ હોય તેવી બાબત ઉપરોકત વિગતેની પુરાવાના મુલ્યાંકન સદર્ભેની સમગ્ર ચર્ચાને ધ્યાને લ ેતા પુરવાર થતી ન હોય પ્રોસી.પક્ષ તરફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું માની પ્રોસી. પક્ષ મુદ્દા નં.–૧ની વિગતો અને આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું માની વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાથે સહમત ન થઈ મુદ્દા નં.–૧નો નિર્ણય નકારમાં આપુ છુ.

(૧૨) આમ, ઉપરોકત તમામ ચર્ચાને સંયુકત રીતે જોતા પ્રોસી.પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવો આરોપીઓએ તેમની સામેના ઈ.પી.કો. કલમ – ૪૩૬ તથા ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ – ૩ તથા ૪ મુજબના ગુન્હા કરેલ હોય તેવી બાબત પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ થતુ હોય પ્રોસી.પક્ષ આરોપી સામેના આ તમામ આરોપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તે તમામ સંજોગોમાં મુદ્દા નં.–૨ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**:: હુકમ ::**

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૨ ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપી નં.– (૧) અરવિંદ ઉર્ફે ટાઈગર ઉગાભાઈ બારૈયા, રહે.: કુંઢડા ગામ નિશાળની બાજુમાં તા.તળાજા તથા આરોપી નં.– (૨) કિશોરભાઈ મકાભાઈ જાંબુચા, રહે: મુળ પાણીયાળી તા.તળાજા, હાલ રહે. તળાજા ગોપનાથ રોડ ફોરેસ્ટ કોલોનીનાને તેમની સામેના ઈ.પી.કો. કલમ – ૪૩૬, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ – ૩ અને ૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના કામેથી પુરતા અને વિશ્વસનીય પુરાવાના અભાવે નિર્દોશ ઠરાવી છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે રૂા.૫૦૦૦–૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

૩. આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાળો નોકીયા કંપનીનો મોબાઈલ આઈડીયા કંપનીના સીમકાર્ડ સાથેનો અપીલ પીરીયડ પુરો થયા બાદ આરોપી અરવિંદ ઉર્ફે ટાઈગર ઉગાભાઈ બારૈયાને પરત સોંપવાનો તથા અન્ય મુદ્દામાલ નજીવી કિંમતનો હોય અપીલ પીરીયડ બાદ તેનો નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૬'મી–મે, ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મહુવા.** **(શૈલેષકુમાર હિરાલાલ પટેલ)**
**તા.૧૬–૦૫–૨૦૧૮.** **૩'જા એડીશનલ સેશન્સ જજ**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૪૩૨**

HRC